**પ્ર-૩. (અ) એક-બે વાક્યોમાં ઉત્તર લખો.**

૧. ભારતના પાડોશી રાષ્ટ્રો કયા કયા છે ?
૨. યુનિસેફની સ્થાપના ક્યારે અને શા માટે કરવામાં આવી ?
૩. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના ક્યારે અને શા માટે થઇ ?
૪. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કયા પ્રશ્નો ઉદ્ભવ્યાં હતા ?
૫. ઇ.સ. ૧૯૫૭ માં ચીનના કયા વડાપ્રધાને ભારતની મુલાકાત લીધી હતી ?
૬. ઇ.સ. ૧૯૭૧ માં પાકિસ્તાને ભારત સામે શા માટે યુદ્ધ જાહેર કર્યું ?
૭. ભારતમાં યુનિસેફનાં મુખ્ય કાર્યાલયો ક્યાં આવેલા છે ?
૮. પર્યાવરણની સમતુલા જાળવવા માટે કઇ બે મહત્વની બાબતો છે ?
૯. મૂળભૂત હકો એટલે શું ?
૧૦. રંગભેદની નીતિ એટલે શું ?
૧૧. સામાજિક પર્યાવરણ એટલે શું ?
૧૨. માનવીએ કઇ બે ભાવનાઓ દ્વારા સંસ્કૃતિ વિકસાવી છે ?
૧૩. યુનેસ્કોનો મુખ્ય હેતુ શો છે ?
૧૪. ઊર્જા બચાવવા નાગરિકે શું કરવું જોઇએ ?
૧૫. બિન રાજકીય અંગો કોને કહે છે ?
૧૬. કોઇપણ દેશની વિદેશનીતિ કયા પરિબળોને આધારે ઘડાય છે ?
૧૭. 'ગ્રીન હાઉસ'ની વિશેષતા શી છે ?
૧૮. વિશ્વની પ્રાથમિક સમસ્યાઓ કઇ કઇ છે ?
૧૯. ગાંધીજીએ રંગભેદની નીતિ કઇ રીતે ખુલ્લી પાડી ?
૨૦. ભારતનું બંધારણ ક્યારથી અમલમાં આવ્યું ?
૨૧. પ્રાકૃતિક પર્યાવરણનાં મુખ્ય અંગો કયા કયા છે ?
૨૨. વિશ્વભરમાં પર્યાવરણ દિન ક્યારે અને શા માટે ઉજવવામાં આવે છે ?
૨૩. સહ અસ્તિત્વ એટલે શું ?
૨૪. 'ગ્રીન હાઉસ'નો સામાન્ય અર્થ શો છે ?
૨૫. પંચશીલના સિદ્ધાંતોની ઘોષણા ક્યારે અને કોણે કરી હતી ?
૨૬. ગાંધીજીએ વિશ્વશાંતિ વિશે શું કહ્યું છે ?
૨૭. તાશ્કંદ કરાર ક્યારે અને કોની કોની વચ્ચે થયો હતો ?
૨૮. કયા બે દેશોની સ્વતંત્રતા માટે ભારતે વિશ્વમત કેળવ્યો હતો ?
૨૯. દક્ષિણ આફ્રિકામાં ''પાન આફ્રિકન કોંગ્રેસ''ની સ્થાપના કોણે કરી હતી ?
૩૦. ધર્મ અને પર્યાવરણ વચ્ચેનું મહત્વનું માધ્યમ કયું છે ?
૩૧. યુનિવર્સલ પોસ્ટલ યુનિયન એ શું છે ?
૩૨. રાષ્ટ્રોનું આંતર અવલંબન એટલે શું ?
૩૩. નેપાલ બફર રાજ્ય શાથી ગણાય છે ?

૩૪. નર્મદન યોજનાથી કયા કયા રાજ્યોને લાભ થશે ?

૩૫. ગાંધીજીએ કઇ શક્તિને અણુબોંબ કરતાં પણ ચડિયાતી ગણી છે ?

૩૬. નિઃશસ્ત્રીકરણ એટલે શું ?

૩૭. આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થાનું વડું મથક ક્યાં આવેલું છે ?

૩૮. યુનિસેફની મદદથી દિલ્લીમાં કયું કારખાનું સ્થાપવામાં આવ્યું છે ?

૩૯. ભારતમાં પ્રાણીઓની રક્ષા માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

૪૦. કઇ રાજ્યક્રાંતિના સિદ્ધાંતોને માનવ સમાજ માટે પ્રેરણારૂપ બન્યાં ?

૪૧. માનવ હકોમાં કયા કયા હકોને સમાવેશ થાય છે ?

૪૨. ગ્રીનહાઉસ ઈફેક્ટ એટલે શું ?

૪૩. પર્યાવરણ એટલે શું ?

૪૪. ઇ.સ. ૧૯૮૮ માઃ ભારતના કયા વડાપ્રધાને ચીનની મુલાકાત લીધી હતી ?

૪૫. અલ્પ વિકસિત દેશ એટલે શું ?

૪૬. જંગલો વાતાવરણને કઇ રીતે શુદ્ધ કરે છે ?

૪૭. કયા વાયુનું પ્રમાણ વધતાં પૃથ્વી પરના તાપમાનમાં વધારો થયો છે ?

૪૮. વસ્તીની દષ્ટિએ ભારતના નાના પાડોશી રાષ્ટ્રો કયા કયા છે ?

૪૯. ભારતે વાહનોમાં માલસામાન મોકલવાનું વચન કયા દેશને આપ્યું ?

૫૦. માનવે વિશ્વમાનવ બનવા શું કરવું પડે ?

૫૧. UNESCO નું પુરૂં નામ લખો.

૫૨. યુનેસ્કોનું વડું મથક ક્યાં આવેલું છે ?

૫૩. પૃથ્વી પર પ્રદૂષણની માત્રા ઘટાડવા માટે શું કરવું જોઇએ ?

**પ્ર-૩.** **(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

૧. તંદુરસ્ત માનવસમાજના ઘડતરમાં સાક્ષરતાનું મહત્વ જણાવો.

૨. રાષ્ટ્રોનું આંતર અવલંબન એટલે શું ? તેની ઉપયોગિતા જણાવો.

૩. નિઃશસ્ત્રીકરણ એટલે શું ? તે કેમ જરૂરી છે ?

૪. રંગભેદની નીતિ દૂર કરવા થયેલા પ્રયત્નો.

૫. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના કાર્યો જણાવો.

૬. પંચશીલના સિદ્ધાંતો લખો.

૭. ભારતે ભૂતાનને શી મદદ કરી ?

૮. યુનેસ્કોના વિકાસમાં ભારતે શું ફાળો આપ્યો છે ?

૯. સામાજિક વનીકરણનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

૧૦. માનવ હક્કોના જાહેરનામામાં માનવીના કયા હક્કોની ઘોષણા કરવામાં આવી છે ?

૧૧. ''ગ્રીન હાઉસ ઈફેક્ટ'' એટલે શું ?

૧૨. ધર્મનો પર્યાવરણ સાથેનો સંબંધ સમજાવો.

૧૩. વિશ્વકુટુંબની ભાવના એટલે શું ? તે કેળવવા શું કરવું જોઇએ ?

૧૪. વિશ્વ કલ્યાણની ભાવના ક્યારે સાકાર થાય ?

૧૫. ભારતે શ્રીલંકામાં શાંતિદળો શા માટે મોકલ્યા હતાં ?

૧૬. ઊર્જાસ્ત્રોત બચાવવા માટે નાગરિકે શું કરવું જોઇએ ?

૧૭. હિન્દુસ્તાનના ભાગલાથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ઉદ્ભવેલા મુખ્ય પ્રશ્નો.

૧૮. ભારતની વિદેશ નીતિના મુખ્ય સિદ્ધાંતો જણાવો.

૧૯. ભારતે બાંગ્લાદેશના સર્જનમાં શો ફાળો આપ્યો ?

૨૦. શહેરીકરણની મુખ્ય સમસ્યાઓ જણાવો.

૨૧. સહ અસ્તિત્વ એટલે શું ? વિશ્વના રાષ્ટ્રોને તે કેમ જરૂરી છે ?

૨૨. ભારતે શા માટે બૃહદ એશિયાવાદનો સિદ્ધાંત સ્વીકાર્યો ?

૨૩. પ્રવાસન પ્રવૃત્તિની પર્યાવરણ પર થતી અસરો.

૨૪. જંગલ સંપત્તિનું મહત્વ સમજાવો.

૨૫. ભારત અને પાકિસ્તાન સાથેના સંબંધો જણાવો.

૨૬. પ્રદૂષણ એટલે શું ? તેમાં વધારો કઇ રીતે થઇ રહ્યો છે ?

૨૭. ભારતે બીનજોડાણવાદી નીતિ શા માટે સ્વીકારી ?

૨૮. યુનિસેફના હેતુઓ જણાવો.

**પ્ર-૩. (ક) સંકલ્પના સમજાવો.**

૧. બજાર. ૨. ઇજારો. ૩. રાજકોશીય નીતિ. ૪. રાષ્ટ્રીય ચલણ. ૫. બદ્ધ સહાય. ૬. ત્પાદક. ૭. શ્રમ. ૮. ઇડા. ૯. પ્રચ્છન્ન બેકારી. ૧૦. ગ્રાહક. ૧૧. મૂડી બજાર. ૧૨. શ્રમ વભાજન. ૧૩. ભૌતિક મૂડી. ૧૪. બચત. ૧૫. મિશ્ર અર્થતંત્ર. ૧૬. હરિયાળી ક્રાંતિ. ૧૭. મુક્ત સહાય. ૧૮. પી.એલ. ૪૮૦. ૧૯. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ. ૨૦. વ્યાપાર તુલા. ૨૧. સૂક્ષ્મ શ્રમ વિભાજન. ૨૨. યુરો. ૨૩. ફૂગાવો. ૨૪. સેવા બજાર. ૨૫. લોન. ૨૬. આયોજન પંચ. ૨૭. મજૂર બજાર. ૨૮. શ્રમપ્રધાન ચીજ. ૨૯. નફાખોરી. ૩૦. ખાનગી વિદેશી રોકાણ. ૩૧. સામાજિક ખર્ચ. ૩૨. આંતરિક વેપાર. ૩૩. નિરપેક્ષ ગરીબાઇ. ૩૪. વિદેશી સહાય. ૩૫. ગુણવત્તા વર્ધક સેવા. ૩૬. સ્વાવલંબી સમાજ. ૩૭. વિશ્વ બેંક. ૩૮. પ્રાદેશિક ગતિશીલતા. ૩૯. દશ્ય આયાત. ૪૦. અલ્પ વિકસિત દેશ. ૪૧. અગતિશીલતા. ૪૨. ટેકનિકલ સહાય.

**પ્ર-૩. (ડ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો.**

૧. વિદેશી સહાયના પ્રકાર કેટલા છે ? કયા કયા ?

૨. ભારત માટે વિદેશી સહાયનો મુખ્ય સ્ત્રોત કયો છે ?

૩. સૂક્ષ્મ શ્રમ વિભાજનના બે ફાયદા જણાવો.

૪. દશ્ય નિકાસ એટલે શું ?

૫. આંતરરાષ્ટ્રીય વેપાર કયા ત્રણ સંજોગોમાં ઉદ્ભવે છે ?

૬. ભારતને આર્થિક સહાય કરનાર બે સંસ્થાઓના નામ જણાવો.

૭. વિકસિત દેશ કોને કહેવાય ?

૮. ભારતમાં રૂપિયાની ખરીદશક્તિ ઘટવાનું મુખ્ય કારણ શું છે ?

૯. દશ્ય આયાત કોને કહેવાય છે ?

૧૦. મૂડી પ્રધાન ચીજ કોને કહેવાય છે ?

૧૧. વિશ્વબેંક કઇ યોજનાઓ માટે દુનિયાના દેશોને ધિરાણ કરે છે ?

૧૨. વિશ્વના દેશોને કયા બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે ?

૧૩. ભારતમાં આવક અને સંપત્તિની અસમાનતા માટે જવાબદાર પરિબળો કયા છે ?

૧૪. શ્રમ વિભાજનના પ્રકાર કેટલા છે ?

૧૫. અદશ્ય નિકાસ કોને કહે છે ?

૧૬. અત્યાર સુધી કેટલી પંચવર્ષીય યોજના તૈયાર થઇ છે ?

૧૭. કયા પ્રકારની ગરીબાઇ વિકાસશીલ દેશોનું ખાસ લક્ષણ છે ?

૧૮. વિદેશી સહાયના કયા સ્ત્રોત ભારત માટે સુકાઇ ગયા છે ?

૧૯. કયા પ્રકારના આયોજનમાં બજારતંત્રને સ્થાન હોતું નથી ?

૨૦. ભારતમાં આયોજન પંચનો પ્રારંભ ક્યારે થયો ?

૨૧. ઋતુગત બેકારી એટલે શું ?

૨૨. ભારતની મુખ્ય આયાતો કઇ કઇ છે ?

૨૩. વિશ્વબેંકનો મુખ્ય ઉદ્દેશ શો છે ?

૨૪. સાપેક્ષ ગરીબાઇ એટલે શું ?

૨૫. ભારતના આયોજન પંચના અધ્યક્ષ કોણ હોય છે ?

૨૬. બજાર ક્યારે અસ્તિત્વમાં આવે છે ?

૨૭. પ્રાદેશિક ગતિશીલતા એટલે શું ?

૨૮. કયા રોગો પર અંકુશ આવી શક્યો નથી ?

૨૯. આયોજન પંચના સભ્યો તરીકે કોણ કોણ કામ કરે છે ?

૩૦. ભારત કયા પ્રકારનું અર્થતંત્ર ધરાવે છે ?

૩૧. આંતરિક વેપાર એટલે શું ?

૩૨. યુ.એસ.એ.નું ચલણ કયું છે ?

૩૩. વિદેશી સહાયના બે ગેરફાયદા જણાવો.

૩૪. ભારત કઇ ચીજવસ્તુઓની નિકાસ કરે છે ?

૩૫. આપણા દેશની મધ્યસ્થ બેંક કઇ છે ? તેનું કાર્ય શું છે ?

૩૬. આંતરરાષ્ટ્રીય રોકાણ નિગમ લોન કોને આપે છે ?

૩૭. ભારતની પંચવર્ષીય યોજના ક્યારે શરૂ થઇ ?

૩૮. આંતરરાષ્ટ્રીય વેપારમાં વેતન દરનો તફાવત સ્થાયી કેમ રહે છે ?

૩૯. આંતરરાષ્ટ્રીય વેપારથી યોજકને કઇ ફરજ પડે છે ?

૪૦. વિકસિત દેશોએ વિકાસ માટે કઇ કઇ ભૌતિક મૂડી વધારવી જોઇએ ?

૪૧. હૂંડિયામણનું બજાર એટલે શું ?

૪૨. અર્થશાસ્ત્રના પિતા કોને કહે છે ?

૪૩. ભારત સહાયકલબના સભ્ય દેશો કેટલા છે ? તેના નામ આપો.

૪૪. લેણદેણની તુલા એટલે શું ?

૪૫. આંતરરાષ્ટ્રીય વ્યાપાર ક્યારે અશક્ય બને છે ?

૪૬. આયોજનના હેતુઓનું માર્ગદર્શન ક્યાંથી મળે છે ?

૪૭. મજૂર બજાર એટલે શું ?

૪૮. જાપાનનું ચલણ શું છે ?

૪૯. માથાદીઠ આવક એટલે શું ?

૫૦. બજારતંત્રનો રાજા કોને ગણવામાં આવે છે ?

૫૧. દેશની નાણાંકીય નીતિ કોણ નક્કી કરે છે ?

૫૨. રૂપિયાની ખરીદશક્તિ કેમ ઘટી છે ?

૫૩. લોન અને ગ્રાન્ટ વચ્ચે શો તફાવત છે ?

૫૪. 'ઇડા'ની મર્યાદા શી છે ?

૫૫. 'ઇડા' કેટલા વર્ષની મુદ્દત માટે ધિરાણ કરે છે ?

૫૬. આયોજનનો અગત્યનો ઘટક કયો છે ?

૫૭. નિરપેક્ષ ગરીબ માણસો કોને કહેવામાં આવે છે ?

૫૮. વિશ્વબેંકનું વિધિસરનું નામ અને સ્થાપના વર્ષ જણાવો.

૫૯. બજારના મુખ્ય પ્રકાર કેટલા છે ? કયા કયા ?

૬૦. ભારતમાં સરેરાશ આયુ મર્યાદા કેટલી છે ?

૬૧. આયોજનના અંગો કેટલા અને કયા કયા છે ?

૬૨. જર્મનીનું ચલણ કયું છે ?

**પ્ર-૪. (અ) (અ) નીચેના વિધાનો માટે કારણો આપો.**

૧. ચોક્કસ સાધનોના સંપૂર્ણ અભાવે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદ્ભવે છે.

૨. ઇડા (IDA) ભારત જેવા વિકાસશીલ દેશ માટે આશીર્વાદરૂપ છે.

૩. ભારતે અનાજ ક્ષેત્રે સ્વાવલંબન પ્રાપ્ત કર્યું છે.

૪. આધુનિક યુગમાં આયોજનનું ઘણું મહત્વ છે.

૫. ઊર્જાશક્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો દેશ માટે જરૂરી છે.

૬. વિદેશી સહાયનો અવિચારી ઉપયોગ બોજારૂપ બને છે.

૭. ગ્રાહકને ''બજારતંત્રનો રાજા'' કહે છે.

૮. ભારતના અર્થતંત્રે મિશ્ર અર્થતંત્ર કહેવાય છે.

૯. આંતરરાષ્ટ્રીય વ્યાપાર વિશ્વબંધુત્વ ભાવના વિકસાવે છે.

૧૦. સરકાર પરદેશથી આવતી વસ્તુ અટકાવે છે.
૧૧. આર્થિક રીતે પછાત દેશો માટે વિશ્વબેંક આશીર્વાદરૂપ છે.
૧૨. આયોજન દરમિયાન ભારતમાં કૃષિક્ષેત્રે ''હરિયાળી ક્રાંતિ'' થઇ છે.
૧૩. આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા દરેક દેશ પ્રમાણમાં સસ્તી અને સારી વસ્તુઓ મેળવી શકે છે.
૧૪. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ભારતને આયોજન કરવું પડ્યું.
૧૫. અલ્પ વિકસિત દેશોએ આર્થિક વિકાસ માટે વસ્તી નિયંત્રણ કરવું આવશ્યક છે.
૧૬. વિદેશી સહાયમાં રાહતનું તત્વ મુખ્ય હોય છે.
૧૭. આંતરરાષ્ટ્રીય વ્યાપારથી જીવનધોરણ વૈવિધ્યપૂર્ણ બને છે.
૧૮. આજે કોઇપણ દેશનું અર્થતંત્ર આયોજન વિનાનું નથી.
૧૯. દેશ દેશ વચ્ચે સાધનો અગતિશીલ હોય છે.
૨૦. ભારત સરકારની નવી આર્થિક નીતિથી ભારતીય અર્થતંત્રને વેગ મળશે.
૨૧. વિશ્વમાં કોઇ સર્વમાન્ય ચલણ નથી.

**(બ) ખાલી જગ્યા પૂરો.**

૧. ભારતમાં સૌથી વધુ જુવારનું ઉત્પાદન ................ રાજ્યમાં થાય છે.
૨. ગુજરાતમાંથી ...................... નંબરનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થાય છે.
૩. ભારતમાં બધા રાજ્યોમાં કપાસનાં ઉત્પાદનમાં ................ પ્રથમ સ્થાને આવે છે.
૪. ..................... ભારતનો આંતરરાષ્ટ્રીય હવાઇ વ્યવહાર સંભાળતી સંસ્થા છે.
૫. સરકાર તરફથી કૃષિક્ષેત્રે થતા સંશોધનોને લાભ ભારતીય ખેડૂતોને મળે તે માટે........... ની વ્યવસ્થા ઊભી કરી છે.
૬. અગત્યના દસ્તાવેજોની નકલ મોકલવા ................. સેવા ઘણી ઝડપી છે.
૭. ગુજરાતનો .................. પ્રદેશ ઘઉંના ઉત્પાદન માટે જાણીતો છે.
૮. ભારતમાં કુલ ............... રાષ્ટ્રીય ધોરીમાર્ગો છે.
૯. ભારતમાં ચાનું સૌથી મોટું ગ્રાહક ................ છે.
૧૦. ..................... ખાતે ઇલેક્ટ્રોનિક્સ નિકાસ તંત્ર કાર્યશીલ છે.
૧૧. તમાકુનો છોડ સૌ પ્રથમ ભારતમાં ................ લોકો લાવ્યા હતા.
૧૨. કાળી કે ફળદ્રુપ ગોરાડુ જમીન ................ ના પાકને અનુકૂળ આવે છે.
૧૩. ભારતમાં સર્વપ્રથમ રેલમાર્ગ મુંબઇ અને ............. વચ્ચે શરૂ થયો.
૧૪. ઇ.સ. ............. માં ભારતીય ભૂસ્તર સર્વેક્ષણની સ્થાપના કરવામાં આવી.
૧૫. ઘઉં ................. કટીબંધનો પાક છે.
૧૬. ભારતમાં સરસવનું સૌથી વધુ ઉત્પાદન ................ રાજ્યમાં થાય છે.
૧૭. ભારતમાં રેલ્વેની શરૂઆત ઇ.સ. ............... માં થઇ.
૧૮. સૂકી ખેતી ગુજરાતના ...................... પ્રદેશમાં થાય છે.
૧૯. ઇ.સ. ૧૮૫૧ માં ................... માં સર્વપ્રથમ દૂરસંચાર સેવાની શરૂઆત થઇ હતી.

૨૦. ગુજરાતનો ................ પ્રદેશ તમાકુના ઉત્પાદન માટે જાણીતો છે.

૨૧. ભારતમાં નિકાસ વેપાર વધારવાના હેતુથી મુક્ત ................... ની રચના કરવામાં આવી છે.

૨૨. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ ................... માંથી પસાર થાય છે.

૨૩. જમ્મુ અને કન્યાકુમારી વચ્ચે દોડતી .................... એક્સપ્રેસ ભારતમાં લાંબા અંતરની ટ્રેઇન છે.

૨૪. ગુજરાતનું ..................... બંદર મુક્ત વ્યાપારક્ષેત્ર જાહેર કરવામાં આવ્યું છે.

૨૫. ભારતમાં રેલ્વેની શરૂઆત ઇ.સ. ................ માં થઇ.

૨૬. ..................... નદી ઉપર સાબિયા-ધ્રુણી વચ્ચેનાં પ્રવાહને રાષ્ટ્રીય જળમાર્ગ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

૨૭. નેશનલ હાઇવે નં. ૨ ને ................... તરીકે પણ ઓળખાય છે.

૨૮. અનાજના રાજા તરીકે ................ નો પાક ગણાય છે.

૨૯. ભારતમાં ઘઉંનું સૌથી વધુ ઉત્પાદન .................... રાજ્યમાં થાય છે.

૩૦. દિલ્હીથી મુંબઇને જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ........... ગુજરાતમાંથી પસાર થાય છે.

૩૧. ભારતમાં તમાકુનો છોડ સર્વપ્રથમ લાવનાર .................... હતા.

૩૨. ટપાલ વિતરણનું કામ સરળ બનાવવા ................... નું આયોજન કરવામાં આવ્યું છે.

૩૩. ...................... ખાતે સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી સ્થાપવામાં આવેલી છે.

૩૪. ભારતમાં એકમાત્ર ................. શહેરમાં ભૂગર્ભમાં ચાલતી મેટ્રો રેલ્વે શરૂ કરવામાં આવી છે.

**પ્ર-૪. (બ) ટૂંકનોંધ લખો.**

૧. જંગલ સંપત્તિનું આર્થિક મહત્વ.

૨. ભારતમાં મત્સ્ય સંપત્તિનું આર્થિક મહત્વ.

૩. શક્તિ મેળવવાના બિનપરંપરાગત સ્ત્રોતો.

૪. ભારતમાં મત્સ્ય ઉદ્યોગના વિકાસની અનુકૂળતાઓ.

૫. વિદ્યુતશક્તિના ઉત્પાદનનાં સાધનો અને તેનાં મુખ્ય મથકો.

૬. દેશના આર્થિક વિકાસમાં પશુ સંપત્તિનું મહત્વ.

૭. ભારતની સાગર સંપત્તિ.

૮. કોલસાના પ્રકારો અને તેના ઉત્પાદક ક્ષેત્રો.

૯. ગુજરાતનાં તેલક્ષેત્રો.

૧૦. પશુ સંવર્ધન.

૧૧. ભારતના જંગલોના પ્રકારો.

૧૨. સંચાલનશક્તિમાં કોલસાનું મહત્વ.

૧૩. ભારતની જંગલ પેદાશો.

૧૪. ભારતનો લોખંડ-પોલાદનો ઉદ્યોગ.

પ્ર-૪. (ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો.

૧. રવિ પાક એટલે શું ?

૨. મેંગેનીઝનો ઉપયોગ શો થાય છે ?

૩. કોલસાના ત્રણ મુખ્ય પ્રકાર કયા છે ? તે પૈકી કયા પ્રકારનો કોલસો ઉત્તમ છે ?

૪. કુટિર ઉદ્યોગો એટલે શું ?

૫. કયા ધોરીમાર્ગને ગ્રાન્ડ ટ્રન્ક રોડ કહે છે ?

૬. વસ્તુની ગુણવત્તા એટલે શું ?

૭. ચાના પાક માટે કેવી જમીન જોઇએ ?

૮. ભારતમાં કયા રાજ્યમાં સૌથી વધુ તાંબુ મળે છે ?

૯. ગુજરાતમાં તાપવિદ્યુતના જાણીતા મથકો કયા કયા છે ?

૧૦. ખનીજ ઉપર આધારિત ઉદ્યોગો કયા છે ?

૧૧. ભારતમાં કુલ કેટલા રાષ્ટ્રીય ધોરીમાર્ગો છે ?

૧૨. વસ્તી ગીચતા એટલે શું ?

૧૩. કોફીનાં છોડને મોટા ઝાડની છાયામાં શા માટે ઉગાડવામાં આવે છે ?

૧૪. પુનઃપ્રાપ્ય સાધનો એટલે શું ?

૧૫. ઉપભોક્તા ઉદ્યોગો કોને કહે છે ?

૧૬. પેટ્રોકેમિકલ્સનો ઉપયોગ કયા પદાર્થો બનાવવામાં થાય છે ?

૧૭. સંદેશા વ્યવહારના આધુનિક સાધનો કયા કયા છે ?

૧૮. બિનધાતુમય ખનિજો કોને કહે છે ? ઉદાહરણ આપો.

૧૯. ગુજરાતમાં ખેડૂતોની ખેતપેદાશોની ખરીદી અને તેમને યોગ્ય ભાવ પૂરા પાડવા કઇ કઇ સહકારી સંસ્થાઓ કામ કરે છે.

૨૦. સરહદીય ધોરીમાર્ગ વિકાસ બોર્ડની રચના ક્યારે અને શા માટે કરવામાં આવી ?

૨૧. ભારે ઉદ્યોગો કોને કહેવાય ?

૨૨. ભારતમાં કયા કયા સ્થળોએ વિશાળ કદના વિન્ડ ફાર્મ શરૂ કરવામાં આવ્યા છે ?

૨૩. ભારતની કૃષિ પદ્ધતિઓ કઇ કઇ છે ?

૨૪. ચિરોડીનો મુખ્ય ઉપયોગ જણાવો.

૨૫. ભારતનાં કયા ક્ષેત્રોમાંથી હીરા મળી આવે છે ?

૨૬. ભારતમાં સૌથી ઓછી સાક્ષરતા કયા રાજ્યમાં છે ? કેટલી ?

૨૭. એલ્યુમિનિયમ કયા ખનીજમાંથી મળે છે ?

૨૮. કાવેરી નદી પર કઇ યોજના આવેલી છે ?

૨૯. સિંદરીમાં રાસાયણિક ખાતરનું કારખાનું કોના દ્વારા નાંખવામાં આવ્યું છે ?

૩૦. મગફળીના પાકને કયા પ્રકારની જમીન માફક આવે છે ?

૩૧. ભારતમાં કઇ કઇ કુદરતી સંપત્તિનો વિપુલ ભંડાર છે ?

૩૨. લોહ અયસ્ક એટલે શું ?

૩૩. ગુજરાતમાં સર્વપ્રથમ કઇ જગ્યાએથી ખનીજ તેલ મળી આવ્યું ?

૩૪. ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગના મુખ્ય કેન્દ્રો કયા છે ?

૩૫. શેરડીના રસમાંથી શું શું બનાવવામાં આવે છે ?

૩૬. ગાંધાર ગુજરાતના કયા જિલ્લામાં આવે છે ?

૩૭. ટિસ્કોમાં કઇ કઇ વસ્તુઓનું ઉત્પાદન થાય છે ?

૩૮. ભારતમાં કયા કયા પ્રકારના રેલમાર્ગો છે ?

૩૯. N.A.A. નું પુરૂં નામ જણાવો.

૪૦. મધ્ય પ્રદેશમાં સુતરાઉ કાપડની મિલો ક્યાં ક્યાં આવેલી છે ?

૪૧. બાજરીનું સૌથી વધુ ઉત્પાદન હેક્ટર દીઠ ક્યાં અને કેટલું થાય છે ?

૪૨. પોસ્ટલ ઇન્ડેક્સ નંબર શા માટે લખવો જરૂરી છે ?

૪૩. ૨૦૦૧ માં ભારતમાં પુરુષોમાં અને સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલું હતું ?

૪૫. ભારતમાં સૌ પ્રથમ જનગણના ક્યારે થઇ ? તે વખતે ભારતની વસ્તી કેટલી હતી ?

૪૬. સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી ગુજરાતમાં કયા જિલ્લામાં આવેલી છે ? તે કયા સ્થળે આવેલી છે ?

૪૭. ખનીજ એટલે શું ?

**પ્ર-૪. (ડ) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો.**

૧. મુખત્રિકોણ પ્રદેશ. ૨. એન.ડી.ડી.બી. ૩. વાતાભિમુખ. ૪. બહુહેતુક યોજના. ૫. ગેડ પર્વત. ૬. ગિરીમાળા. ૭. સાર્ક. ૮. રણપ્રદેશ. ૯. રવિ પાક. ૧૦. ખંડિય આબોહવા. ૧૧. ટપક સિંચાઇ. ૧૨. એસ.ટી.ડી. ૧૩. પવન. ૧૪. માવઠું. ૧૫. આં.રા. વેપાર. ૧૬. ઇન્દિરા નહેર. ૧૭. ખાડી. ૧૮. ઘાટ. ૧૯. લગૂન સરોવર. ૨૦. સૂકી ખેતી. ૨૧. દ્વિપકલ્પ. ૨૨. ખરીફ પાક. ૨૩. ભૂમિબંધિત રાષ્ટ્ર. ૨૪. રાષ્ટ્રીય ધોરીમાર્ગ. ૨૫. બાગાયતી ખેતી. ૨૬. કોંગા પદ્ધતિ. ૨૭. વર્ષાછાયાનો પ્રદેશ. ૨૮. પ્રમાણ સમય. ૨૯. સીમા. ૩૦. પ્રયાગ. ૩૧. રોકડિયો પાક. ૩૨. મહામરુસ્થલ. ૩૩. મેટ્રો રેલ્વે. ૩૪. ઉચ્ચ પ્રદેશ. ૩૫. કુદરતી સંપત્તિ. ૩૬. પશુ સંપત્તિ. ૩૭. એપ્રોચ રોડ. ૩૮. એક્સપ્રેસ હાઇવે.

**પ્ર-૫. (અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

૧. હિમાલય ભારતને શી રીતે લાભદાયી છે ?

૨. ભારતમાં કેટલા અને કયા કયા પ્રકારનાં જંગલો છે ?

૩. ભારતમાં કૃષિના વિકાસ માટે કયા અનુકૂળ સંજોગો છે ?

૪. લોખંડની કાચી ધાતુના પ્રકાર જણાવો.

૫. કુટિર ઉદ્યોગ એટલે શું ? તેની વિશેષતાઓ શી છે ?

૬. ભારતમાં પશુ સંવર્ધન માટે શા પ્રયાસો થયા છે ?

૭. ભારતમાં કૃષિ વિકાસ માટે કયા કયા પ્રયત્નો થઇ રહ્યા છે ?

૮. ઉદ્યોગોની સ્થાપના માટે કયા પરિબળો નિર્ણાયક હોય છે ?

૯. ભારતમાં અબરખનું ઉત્પાદન કરતા ક્ષેત્રોની જાણકારી આપો.

૧૦. ભારતમાં રણપ્રદેશની માહિતી આપો.

૧૧. ભારતમાં મત્સ્ય ઉદ્યોગ માટે કઇ કઇ અનુકૂળતાઓ છે ?

૧૨. ભારતમાં ખેતી પછાત હોવાનાં કારણો જણાવો.

૧૩. ભારતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગનું મહત્વ જણાવો.

૧૪. આપણા દેશમાં કૃષિ સંપત્તિનું મહત્વ સમજાવો.

૧૫. ખનીજો એટલે શું ? પ્રકાર જણાવી ઉદાહરણ આપો.

૧૬. શણ ઉદ્યોગ વિશે માહિતી આપો.

૧૭. દુર્ગાપુરમાં લોખંડ-પોલાદ ઉદ્યોગ શાથી વિકસ્યો છે ?

૧૮. કોફી વિશે નોંધ લખો.

૧૯. ભારતના સિમેન્ટ ઉદ્યોગ વિશે માહિતી આપો.

૨૦. ભારતના પશ્ચિમ કિનારાના મેદાન વિશે માહિતી આપો.

૨૧. ભારતમાં ખનીજ સંશોધન અને ખોદકામ માટે કઇ કઇ સંસ્થાઓ સંકળાયેલી છે ?

૨૨. ભારતમાં રાસાયણિક ખાતર ઉદ્યોગ વિશે માહિતી આપો.

૨૩. ભારત અને મ્યાનમાર વચ્ચે જમીનમાર્ગ કે રેલમાર્ગ કેમ વિકસ્યો નથી ?

૨૪. ભારતમાં દૂધ ઉત્પાદન ઓછું શાથી છે ?

૨૫. લોહ-અયસ્ક એટલે શું ? તેના પ્રકારો જણાવો.

૨૬. ભારતમાં ખનીજ તેલ શુદ્ધિકરણ પ્રક્રિયા અને તે અંગેની રિફાઇનરીઓનો ખ્યાલ આપો.

**પ્ર-૫. (બ) ભૌગોલિક કારણો આપો.**

૧. ગુજરાતમાં વરસાદ ઓછો પડે છે.

૨. ઘઉં અનાજનો રાજા ગણવામાં આવે છે.

૩. દક્ષિણ ભારતની નદીઓ જળમાર્ગ તરીકે ઉપયોગી નથી.

૪. ગુજરાતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ વિકસ્યો છે.

૫. આજના યુગમાં સંદેશ વ્યવહારનું મહત્વ વધ્યું છે.

૬. પશ્ચિમ બંગાળના લોકોના ખોરાકમાં ચોખાનું મહત્વ ઘણું છે.

૭. ભારતમાં સિંચાઇના વિકાસની ખૂબ આવશ્યકતા છે ?

૮. પશ્ચિમ બંગાળમાં શણ ઉદ્યોગ વિકસ્યો છે.

૯. દક્ષિણ ભારતમાં ઉનાળો પ્રમાણમાં નરમ રહે છે.

૧૦. ભારતમાં કુદરતી ખાતરની અછત રહે છે.

૧૧. કોરોમંડલના કિનારે શિયાળામાં વરસાદ પડે છે.

૧૨. ભારતમાં ગરમ કાપડ ઉદ્યોગનું કેન્દ્રીકરણ પંજાબમાં વધુ થયેલ છે.

૧૩. મેઘાલય અને આસામમાં ભારે વરસાદ પડે છે.

૧૪. [illegible]

૧૫. [illegible]

૧૬. [illegible]

૧૭. [illegible]

૧૮. [illegible]

૧૯. [illegible]

૨૦. [illegible]

૨૧. [illegible]

૨૨. [illegible]

૨૩. [illegible]

૨૪. [illegible]

૨૫. [illegible]

૨૬. [illegible]

૨૭. [illegible]

૨૮. [illegible]

૨૯. [illegible]

૩૦. [illegible]

**૫-૫. (ક) [illegible]**

૧. [illegible]

૨. [illegible]

૩. [illegible]

૪. [illegible]

૫. [illegible]

૬. [illegible]

૭. [illegible]

૮. [illegible]

૯. [illegible]

૧૦. [illegible]

૧૧. [illegible]

૧૨. [illegible]

૧૩. ખનીજ : લોખંડ, કોલસો, મેંગેનીઝ, બોકસાઇટ, થોરિયમ, યૂરેનિયમ.

૧૪. રેલમાર્ગ : મુંબઇથી દિલ્હી જતો – તે ઉપરના બે જંકશનો સહિત.
મુંબઇથી કલકત્તા – તે ઉપરના બે જંકશનો સહિત.
મુંબઇથી ચેન્નઇ – તે ઉપરના બે જંકશનો સહિત.
ચેન્નઇથી દિલ્હી – તે ઉપરના બે જંકશનો સહિત.
ચેન્નઇથી કલકત્તા – તે ઉપરના બે જંકશનો સહિત.

૧૫. હવાઇમાર્ગ : મુંબઇથી દિલ્હી – તે ઉપરના બે જંકશનો સહિત.
ચેન્નઇથી કલકત્તા – તે ઉપરના બે જંકશનો સહિત.
અમદાવાદથી મુંબઇ – તે ઉપરના બે જંકશનો સહિત.

# સમાજ વિદ્યા (025) - નમૂનાના પ્રશ્નો / ઉત્તરો

**પ્ર-૧. (અ) (અ) ખાલી જગ્યા પૂરો.**

૧. ઈંગ્લેન્ડના ધર્મપ્રેમી લોકોએ **મે ફ્લાવર** નામના વહાણમાં બેસી અમેરિકા તરફ હિજરત કરી.

૨. ‘કાનૂનની ભાવના’ પુસ્તકના લેખક **મોન્તેસ્ક્યુ** હતા.

૩. નવજાગૃતિનું મુખ્ય લક્ષણ **બુદ્ધિવાદ** હતું.

૪. હિટલરે જેલવાસ દરમિયાન **મારો સંઘર્ષ** નામનું પુસ્તક લખ્યું.


૫. સોસાયટી ઓફ જિસસના સ્થાપક **સંત ઈગ્નેશિયસ** હતા.

૬. ૭ નવેમ્બર ૧૯૧૭ની રશિયન ક્રાંતિને **બોલ્શેવિક** ક્રાંતિ કહે છે.

**(બ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડી અને સમયરેખા પર દર્શાવો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ)**


૧. ‘અ’ ‘બ’

| ‘અ’ | ‘બ’ |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૩૧ | ૧. જાપાને મંચુરિયા જીતી લીધું. |
| ૨. ઈ.સ. ૧૯૩૬ | ૨. ઇટાલીએ ઇથોપિયા જીત્યું. |
| ૩. ઈ.સ. ૧૯૪૩ | ૩. મોસ્કો પરિષદ. |





૨. ‘અ’ ‘બ’

| ‘અ’ | ‘બ’ |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૪૬ | ૧. ફિલીપાઈન્સ સ્વતંત્ર બન્યું. |
| ૨. ઈ.સ. ૧૯૪૯ | ૨. ઈન્ડોનેશિયા સ્વતંત્ર બન્યું. |
| ૩. ઈ.સ. ૧૯૫૭ | ૩. મલેશિયા સ્વતંત્ર બન્યું. |




૩. ‘અ’ ‘બ’

| ‘અ’ | ‘બ’ |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૩૮ | ૧. મ્યુનીચ સંધિ. |
| ૨. ઈ.સ. ૧૯૪૧ | ૨. જાપાનનું હિંદી-ચીન પર આક્રમણ. |
| ૩. ઈ.સ. ૧૯૪૫ | ૩. અમેરિકાએ હિરોશિમા પર બોંબ ફેંક્યો. |



**(બ) ઐતિહાસિક કારણોના જવાબો.**

૧. ઠંડાયુદ્ધની સ્થિતિમાં પરિવર્તન આવ્યું.

જ. ઇ.સ. ૧૯૫૯ રશિયાના વડાપ્રધાન શ્રી ખુશ્રોવની અમેરિકા સાથે મુલાકાત – શાંતિ મંત્રણા. પરિણામ બંને દેશો નિઃશસ્ત્રીકરણ તરફ આગળ – શ્રી ગોર્બાચોવે નવઘડતર અને નિખાલસતાના સૂત્રો – આથી નવી હવા – સોવિયેટ સંઘનું વિઘટન – ૧૫ રાજ્યો સ્વતંત્ર રાષ્ટ્ર બન્યા.

૨. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત સૌ પ્રથમ કાપડ ઉદ્યોગમાં થઇ.

જ. કપડા એ માનવીની પાયાની જરૂરિયાત – ઇંગ્લેન્ડના કાપડની તેના સંસ્થાનોમાં પુષ્કળ માંગ – આ માંગને હાથે પીંજાતા, કાંતના કે વણતા ગૃહ ઉદ્યોગોને પહોંચી વળે તેમ ન હતા – તેથી કાપડ ઉદ્યોગોને વેગ – કાપડનું ઝડપી અને જથ્થાબંધ ઉત્પન્ન કરે તેવા યંત્રોની શોધ સૌપ્રથમ અને ઝડપી થઇ.

૩. સંસ્થાનવાદીઓએ સ્ટેમ્પ એક્ટનો વિરોધ કર્યો.

જ. અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે ૧૭૫૬ થી ૧૭૬૩ સુધી સપ્તવાર્ષિક વિગ્રહો લડાયા – અમેરિકામાં આ વિગ્રહ સંસ્થાનવાસીઓના રક્ષણ માટે લડાયા – એમ જણાવી ઇંગ્લેન્ડ સરકારે તેમાં થયેલા ખર્ચનો અમુક ભાગ સંસ્થાનવાસીઓ પાસેથી વસૂલ કરવા સ્ટેમ્પ એક્ટ નાંખ્યો –સ્થાનવાસીઓએ કાયદાનું પાલન કરવાની તૈયારી બતાવી – પરંતુ બદલામાં બ્રિટીશ સંસદમાં પ્રતિનિધિત્વની માંગણી – બ્રિટીશ સંસદે અસ્વીકાર કર્યો. માટે .....

૪. અમેરિકાએ ચીનને ૨૦ વર્ષ સુધી રાજકીય માન્યતા ન આપી.

જ. બીજા વિશ્વયુદ્ધ પછી ચીનમાં સત્તાની સર્વોપરીતા માટે કુમિન્ટાંગ પક્ષ અને સામ્યવાદી પક્ષ વચ્ચે આંતરિક સંઘર્ષ થયું – કુમિન્ટાંગ પક્ષ મૂડીવાદી – તેને અમેરિકાનું પીઠબળ જ્યારે સામ્યવાદી પક્ષને રશિયાનું પીઠબળ – અમેરિકાએ કુમિન્ટાંગ પક્ષને ખૂબ મદદ કરી હેવા છતાં લોકોએ સામ્યવાદી પક્ષને વિજયી બનાવ્યો – ઇ.સ. ૧૯૪૯માં ચીનમાં માઓત્સેતુંગના નેતૃત્વ નીચે સામ્યવાદી પક્ષ સત્તા પર – ચીનમાં સામ્યવાદી પક્ષની સરકાર રચાતાં અમેરિકન નીતિનો પરાજય – આથી રોષે ભરાયેલા અમેરિકાએ ૨૦ વર્ષ સુધી .....

૫. ફ્રાન્સમાં લોકો માટે નિષ્પક્ષ ન્યાય મેળવવાનું મુશ્કેલ હતું.

જ. ફ્રાન્સમાં ક્રાંતિ થઇ તે પહેલાં ન્યાયતંત્રની સ્થિતિ કથળેલી – દેશમાં અદાલતોના અધિકાર ક્ષેત્રો ચોક્કસ ન હતા આખા દેશના બધા નાગરિકો માટે સમાન કાયદા ન હતા – ભૂદાસો અને ધનવાનને એક જ પ્રકારના ગુના માટે અલગ–અલગ ન્યાય – રાજા પાસેથી અધિકારપત્ર (ક્યર્થિંજ્ઞિર ઈફ્ભિંવચર્િ) મેળવનાર ગમે તે વ્યક્તિની ધરપકડ કરી શકે – સજા પણ કરી શકતો. ફ્રાન્સના દેવળોને પોતાની અલગ અદાલત અને કાયદા – ન્યાયતંત્રની આવી અવ્યવસ્થાને કારણે ફ્રાન્સમાં લોકો માટે .....

૬. અમેરિકન ક્રાંતિ વિશ્વના પરાધીન દેશો માટે પ્રેરણારૂપ નીવડી.

જ. ઇ.સ. ૧૭૭૬માં અમેરિકાના સંસ્થાનવાસીઓએ ઇંગ્લેન્ડની સરકારના અન્યાયો અને શોષણમાંથી મુક્ત બનવાનો પ્રયાસ – ૧૭૮૩માં પેરિસની સંધિ – ઇંગ્લેન્ડના સ્વાતંત્ર્યનો સ્વીકાર – દુનિયામાં મહાન સ્વતંત્ર રાષ્ટ્ર આ ક્રાંતિથી આપખુદ અને જુલ્મી રાજતંત્ર નીચે કચડાતા જગતના પરાધીન દેશોને સ્વતંત્ર કરવા માટે પ્રેરણા.

૭. રૂસોને ફ્રાન્સની રાજ્યક્રાંતિના મુખ્ય પ્રણેતા કહી શકાય.

જ. રૂસોને ફ્રાન્સની રાજ્ય ક્રાંતિના પ્રણેતા – લોકમત જાગૃત કરવા અને રાજાના અન્યાયો સામે લડવા ૧૮મી સદીમાં ફ્રાન્સના વિચારકોમાં રુસો સૌથી મોખરે – 'ધ સોશીયલ કોન્ટ્રેક્ટ' સામાજિક કરાર નામના પુસ્તકમાં તેમને લખ્યું કે રાજા–પ્રજાનો સેવક છે. રાજ્યની અંતિમ સત્તા પ્રજાના હાથમાં હોવી જોઇએ અને દરેક નાગરિકના મૂળભૂત અધિકારોનું રક્ષણ થવું જોઇએ. રુસોએ આ પુસ્તક દ્વારા પ્રજાકીય અને રાજકીય સમાનતાના ખ્યાલનો પ્રચાર કર્યો. તેમના વિચારોએ લોકો ઉપર ઊંડી અસર અને તેમની ક્રાંતિ કરવા ઉત્તેજીત – આથી .....

૮. ફ્રાન્સમાં દેવળ રાજ્યની સમાંતર એક કેન્દ્ર બન્યું.

જ. ફ્રાન્સની પ્રજા કેથોલિક સંપ્રદાય હોવાથી દેવળનું પ્રજા પર સંપૂર્ણ વર્ચસ્વ – ધર્મગુરુઓ ધર્મના નામે જમીન પરનો કર નાખવાનો અને ઉઘરાવવાનો અધિકાર ભોગવતા – રાજ્યની આવકનો ૧૦મો ભાગ દેવળને મળતો પરિણામે દેવળ આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ – દેવળને આગવી અદાલતો અને અલગ કાયદા હોવાથી ધર્મગુરુ રાજ્યના આદેશોનું વિરોધ કરી શકતા હતા. આમ દેવળ રાજ્યની સમાંતર સત્તા ભોગવતું.

૯. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી એશિયામાં અને આફ્રિકામાં કેટલાંક રાષ્ટ્રો સ્વતંત્ર બન્યા.

જ. બીજા વિશ્વયુદ્ધ પહેલાં એશિયા-આફ્રિકાના પરાધીન રાષ્ટ્રો સ્વાતંત્ર્યની ચળવળો શરૂ – યુદ્ધ પછી ચળવળ ઉગ્ર – યુદ્ધના અંતે બ્રિટન અને ફ્રાન્સ જેવી મહાસત્તાઓની આર્થિક પરિસ્થિતિ ખરાબ – સંસ્થાનો પર વર્ચસ્વ ઘટ્યું – ઘરઆંગણાની સમસ્યાઓ પર ધ્યાન આપવા સંસ્થાનો પ્રત્યે ઉદાર નીતિ – પરિણામે બીજા વિશ્વયુદ્ધ પછી પરાધીન પ્રજામાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની ભાવના જન્મી.

૧૦. રશિયા અને અમેરિકાને મહાસત્તા તરીકે સ્થાન મળ્યું.

જ. બીજા વિશ્વયુદ્ધમાં જર્મની, ઇટાલી, જાપાનનો પરાજય થતાં કરુણ અંજામ – ઇંગ્લેન્ડ અને ફ્રાન્સ વિજેતા – પરંતુ તેઓને ભારે નુકસાની વેઠવી પડી – તેમની આર્થિક સ્થિતિ નબળી પડતાં વર્ચસ્વ ઘટી ગયું, પણ અમેરિકાની આ યુદ્ધમાં કોઇ નુકશાન ન થયું, તેથી તેણે પશ્ચિમ યુરોપ, એશિયા, આફ્રિકાના અનેક રાષ્ટ્રોને નાણાંકીય મદદ કરી અર્થતંત્ર સ્થિર બનાવ્યું. આમ તે પોતાની આર્થિક અને લશ્કરી તાકાતથી મહાસત્તા બન્યું. રશિયા પણ અમેરિકાની જેમ લશ્કરી તાકાત ધરાવતું હતું. યુદ્ધમાં નુકશાન થયું હોવા છતાં રશિયાના લોકોએ અથાગ રિશ્રમ કરી ટૂંકા ગાળામાં દેશને શક્તિશાળી બનાવ્યું.

## (ક) નીચેના વિધાનો સમજાવો.

૧. ''હડતાલને કાબુમાં લો અથવા સત્તાનાં સૂત્રો સોંપી દો''.

જ. ઇ.સ.૧૯૨૨માં ઇટાલીમાં ફાસીસ્ટ પક્ષ બન્યો – સામ્રાજ્યવાદીઓની હડતાલ –ફાસીસ્ટ પક્ષનો સરકારને પડકાર ફેંકી કહ્યું કે ''હડતાલ કાબુમાં લો અથવા સત્તાનાં સૂત્રો અમને સોંપી દો''. મુસોલિનીએ પક્ષના સૈનિકોને રોમ તરફ કૂચ કરવા આદેશ આપ્યો. સમય પારખીને સમ્રાટ ઇમેન્યુઅલ ત્રીજાએ મુસોલિનીને સરકાર રચવાનું આમંત્રણ આપ્યું. ૩૦મી ઓક્ટોબર ૧૯૨૨ ના રોજ મુસોલિનીએ ઇટાલીમાં ફાસીસ્ટ પક્ષની સરકાર સ્થાપી અને સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં લઇ લીધા.

૨. સામ્રાજ્યવાદી દેશો બીજા દેશોની સંસ્કૃતિને અટકાવે છે.

જ. સામ્રાજ્યવાદી દેશો વિસ્તારવાદી નીતિ અપનાવતા હોવાથી તેઓ બીજા દેશોને ગુલામ બનાવી તેનું શોષણ કરે છે. વળી તેઓ ગુલામ દેશોની સંસ્કૃતિનો વિકાસ અટકાવી ત્યાંની પ્રજા પર પોતાના દેશની સંસ્કૃતિનો પ્રભાવ ફેલાવે છે. વળી સામ્રાજ્યવાદ એ એક દેશનું બીજા દેશ ઉપર આધિપત્ય સ્થાપવાની વિચારસરણી છે. આ વિચારસરણી હેઠળ શક્તિશાળી કે વિકસિત દેશ નિર્બળ કે અલ્પવિકસિત દેશ ઉપર આક્રમણ કરી તે દેશને પોતાને આધિન બનાવી છે અને તેનું રાજકીય, આર્થિક અને સામાજિક શોષણ કરે છે. પરિણામે પરાધીન બનેલા દેશોની સંસ્કૃતિનો વિકાસ અટકી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સામ્રાજ્યવાદી રાષ્ટ્રો નિર્બળ દેશોની સંસ્કૃતિનો વિકાસ અટકાવે છે.

૩. વિશ્વયુદ્ધો સામ્રાજ્યવાદની પેદાશ છે.

જ. યુરોપના શક્તિશાળી દેશોનું અલ્પ વિકસિત દેશો પર સંસ્થાનો સ્થાપવા આતુર બન્યાં. સામ્રાજ્યવાદી દેશો વચ્ચે સ્પર્ધા લાગી. યુરોપના દેશો વચ્ચે ગુપ્ત સંધિઓને કારણે ઊભી થયેલ જૂથબંધીઓ પ્રથમ વિશ્વયુદ્ધનું કારણ બની. પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઇટાલી અને જર્મનીના સરમુખત્યારોની સામ્રાજ્યવાદી નીતિ અપનાવી. જાપાન પણ સામ્રાજ્યવાદી બન્યું. આમ દ્વિતીય વિશ્વયુદ્ધનું આ કારણ બની. આમ..

૪. જાપાને લશ્કરવાદ અપનાવ્યો.

જ. પ્રથમ વિશ્વયુદ્ધ પછી જાપાને સામ્રાજ્યવાદની નીતિ અપનાવી. એ માટે તેણે સૈનિકોની સંખ્યામાં વધારો કર્યો. તેમજ પાયદળ અને નૌકાદળને અદ્યતન બનાવ્યું. તેણે શસ્ત્રસરંજામના ઉત્પાદન માટે દેશમાં નવાં કારખાનાં અને ઉદ્યોગો સ્થાપ્યાં. જાપાનના રાજકારણમાં લશ્કરી અધિકારીઓને ઊંચા હોદ્દાઓ આપવામાં આવ્યા. આમ, સામ્રાજ્યવાદની નીતિને સફળ બનાવવા જાપાને લશ્કરવાદ અપનાવ્યો. એટલે કે પોતાની લશ્કરી તાકાતમાં વધારો કર્યો.

૫. જ્યાં જ્યાં જર્મન ત્યાં ત્યાં જર્મની.

જ. જર્મનીના હિટલરે વિસ્તારવાદની આક્રમક નીતિ અપનાવી. તેણે ''જ્યાં જ્યાં જર્મન, ત્યાં ત્યાં જર્મની''નું સૂત્ર અપનાવ્યું. જર્મનીની આજુબાજુના દેશોમાં જ્યાં જર્મન પ્રજાની વસ્તી વધારે હોય તેવા પ્રદેશો પર આક્રમણ કરી કબજો જમાવી દીધો. જર્મનીના પાડોશી રાષ્ટ્ર ઓસ્ટ્રિયામાં તેમજ ચેકોસ્લોવેકિયાના સુદેટનલેન્ડ પ્રદેશમાં પણ મ્યુનિચ સમજૂતી પ્રમાણે દાવો કરી આ પ્રદેશ પર કબજો મેળવી સમગ્ર ચેકોસ્લોવેકિયા પર પોતાનો કબજો જમાવ્યો.

૬. 'એક પક્ષ, એક પ્રજા અને એક નેતા' નાઝી પક્ષનો મુખ્ય આદર્શ હતો.

જ. ઇ.સ. ૧૯૩૪ માં જર્મનીના રાષ્ટ્રપતિ હિન્ડેનબર્ગનું અવસાન થતાં હિટલર પોતે રાષ્ટ્રપતિ બની ગયો અને જર્મનીમાં નાઝી પક્ષની એકહથ્થુ શાસનની – સરમુખત્યારાશાહીની શરૂઆત કરી. 'એક પક્ષ, એક પ્રજા અને એક નેતા' એ નાઝીવાદની વિચારસરણી હતી. તેથી સત્તા પર આવતાં જ હિટલરે જાહેર કર્યું કે વિશ્વમાં જર્મન પ્રજા જ શુદ્ધ આર્ય પ્રજા છે અને તે વિશ્વ પર રાજ્ય કરવાને સર્જાઇ છે. નાઝીપક્ષના સરમુખત્યારને અમાપ, સંપૂર્ણ અને સર્વોપરી સત્તા સોંપવામાં આવી હતી. સરકારના વડા તરીકે તથા નાઝી પક્ષના નેતા તરીકે હિટલર જ સર્વોપરી સત્તા ભોગવતો હતો. આમ, સત્તા પર આવતાં જ હિટલરે એક પક્ષ, એક પ્રજા અને એક નેતા'નો નાઝી પક્ષનો મુખ્ય આદર્શ બનાવ્યો.

૭. ઉગ્ર રાષ્ટ્રવાદ સંકુચિતતાની ભાવના જન્માવે છે.

જ. હિટલરે જાહેર કર્યું કે ''વિશ્વમાં શુદ્ધ આર્યપ્રજા એટલે જર્મન પ્રજા, જે વિશ્વ પર શાસન કરવા સર્જાઇ છે.'' જર્મન લેખકો સિદ્ધાંતોનું ચૂસ્ત પાલન કરે તે માટે સિદ્ધાંતોને હિટલરે સૈદ્ધાંતિક શિક્ષણનાં અભ્યાસક્રમમાં મૂકયાં. પાઠ્ય પુસ્તકમા 'હિટલર અમારો નેતા છે, અમે હિટલરને ચાહીએ છીએ, હિટલર ઘણું જીવો'' એવું દર્શાવવામાં આવ્યું. આમ, હિટલરે જર્મનીમાં ઉગ્ર રાષ્ટ્રવાદનો ફેલાવો કર્યો, જેથી પ્રજામાં સંકુચિતતાની ભાવના જન્મી.

**(૬) ટૂંક નોંધ.**

૧. પ્રથમ વિશ્વયુદ્ધના પરિણામો.

રાજકીય પરિણામો : ઇ.સ. ૧૯૧૯ માં વર્સેલ્સના આઇના મહેલ ખાતે સંધિ – યુરોપના રાષ્ટ્રોની સરહદ નક્કી થઇ – ઓસ્ટ્રિયા, હંગેરીના ટુકડા થયા – ઇટાલીમાં ફાસીવાદ અને જર્મનીમાં નાઝીવાદનો જન્મ – અમેરિકાની પ્રતિષ્ઠા વધી – જાપાન વિશ્વની મહાસત્તા બની.

આર્થિક પરિણામો : યુરોપમાં ભૂખમરો – હડતાલ – બેકારી સર્જાયા – નાણાંનું અવમૂલ્યન – પ્રજા પર આકરા વેરા – ભાવ વધારો – આર્થિક રીતે પડી ભાંગ્યું. સામાજિક પરિણામો : પુરુષોની સંખ્યા ઘટી – સ્ત્રીઓ દરેક ક્ષેત્રે આગળ – જવાબદારી આવતાં આત્મવિશ્વાસ વધ્યો – કરોડો લોકો અપંગ – બાળકો નિરાધાર – મજદૂર પક્ષો રચાયા – શિક્ષણને હાનિ – રાષ્ટ્રસંઘ, આંતરરાષ્ટ્રીય અદાલત, આંતરરાષ્ટ્રીય મજદૂર સંઘ સંસ્થાઓ જન્મી.

૨. રશિયન ક્રાંતિથી રશિયામાં આવેલા પરિવર્તન :

૩૦૦ વર્ષના ઝારશાહી શાસનનો અંત – બોલ્શેવિક સરકારનું નવું રાજ્ય બંધારણ અમલમાં – પ્રથમ આધુનિક સામ્યવાદી સરકારની સ્થાપના – મૂડીવાદી અર્થવ્યવસ્થા દૂર કરવામાં આવી – રાજ્યની માલિકીની સંસ્થાઓ બની – અદ્‌ભુત આર્થિક વિકાસ – યુ.એસ.એસ.આર.નું સર્જન – પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત – ટાલિનના સમયમાં રશિયા મહાસત્તા બની – મોસ્કો – રાષ્ટ્રધ્વજમાં દાતરડું અને હથોડાનું પ્રતીક.

૩. સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ.

મહત્વનું અને મુખ્ય અંગ – પાંચ કાયમી અને ૧૦ બિનકાયમી સભ્યો – દર વર્ષે ત્રણ સભ્યો નિવૃત્ત – આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવામાં વિશાળ સત્તાઓ ધરાવે છે. યુદ્ધવિરામ, મંત્રણા, તપાસપંચ, લવાદ દ્વારા પ્રશ્નોનો નિકાલ – કોઇ રાષ્ટ્ર ઉલ્લંઘન કરે તો આર્થિક, રાજકીય દબાણ – નાકાબંધી – સંદેશા અને વાહન વ્યવહાર બંધી જેવા પગલાં – વિટો અધિકાર – તેનું મહત્વ – સલામતી સમિતિ પોતાના નિર્ણયોની જાણ સામાન્યસભાને કરે છે.

૪. ઔદ્યોગિક ક્રાંતિની સામાજિક અસરો.

ઔદ્યોગિક નગરોનો વિકાસ – સ્વતંત્ર કારીગરો મજૂર બન્યા – યંત્ર સાથે યંત્ર – ગ્રામ્ય જીવનનો અંત – સ્ત્રીઓ અને બાળકો પણ મજૂરીમાં જોડાયા – વ્યભિચાર – લોહીનો વેપાર જેવા દુષ્પરિણામો – ગૃહ ઉદ્યોગોનો નાશ – સ્ત્રીઓનું શોષણ વધ્યું – લાંચ રૂશ્વત, નફાખોરી, કાળાબજાર, ચોરી, લૂંટફાટનું પ્રમાણ વધ્યું – નૈતિક મૂલ્યોનું અધઃપતન – મનોવૈજ્ઞાનિક પ્રશ્નો પણ ઉદ્‌ભવ્યા.

૫. સોવિયેટ સંઘનું વિઘટન.

બીજા વિશ્વયુદ્ધ પછી રશિયા પ્રથમ હરોળની મહાસત્તા – શક્તિશાળી – છતાં રાજ્યોની આર્થિક સ્થિતિ કંગાળ બની – લોકોની હાડમારી વધી – ૧૯૬૦ પછી રશિયન નેતાઓ લોકશાહી દેશો સાથે સહકારની નીતિ – સામ્યવાદી વિચારસરણીમાં પરિવર્તન – ૧૯૮૫ ઉદારમતવાદી મિખાઇલ ગોર્બાચોવ – વિશ્વશાંતિ માટે સક્રિય – ખુલ્લાપણાની હિમાયત – તેમનો વિરોધ – ૧૫ ગણસભ્યોનું સંગઠન ન રહેતાં ૧૪ રાજ્યો રશિયામાંથી અલગ – સ્વતંત્ર, સાર્વભૌમ દરજ્જો મેળવવાનો પ્રયાસ – સ્વતંત્ર રાજ્યોને વિશ્વના દેશો અને યુ.એન.ની માન્યતા – ઉદારમતવાદી અને નોબલ

પારિતોષિક મેળવનાર નવા પ્રમુખ યેલત્સિને રાષ્ટ્રસમૂહની જવાબદારી સ્વીકારી.

૬. વાસ્કો-દ-ગામા.

ભૌગોલિક શોધખોળોમાં વાસ્કો-દ-ગામા મહત્વના સાહસિક - જન્મ ઇ.સ. ૧૪૬૦ - પોર્ટુગલ કિનારે સાઇન્સ નામના ગામમાં - ૧૪૯૭-૯૮ની ભારતી મુસાફરીએ પૂર્વનો વેપાર ખોલી આપ્યો યુરોપમાંથી આફ્રિકાનો ચક્કર લગાવી ભારત આવનાર તે પ્રથમ - ઇ.સ. ૧૪૯૭ની ૮ જુલાઇએ ૧૧૮ માનવ કાફલા સાથે લિસ્બન બંદરેથી પ્રસ્થાન - કેપ ઓફ ગુડહોપ - ૧૪૯૮ની ૨૩મી મે ના રોજ કાલિકટ બંદરે - રાજા ઝામોરિન - વિશેષતા સહિત સફળ - ઇ.સ. ૧૫૦૨ માં પુનઃ ભારત અને પોર્ટુગીઝોનો વહીવટકર્તા.

૭. અમેરિકાના સ્વાતંત્ર્ય વિગ્રહના પરિણામો.

નવા રાષ્ટ્રનો ઉદય - નવા રાજકીય વિચારોનો સ્વીકાર - પ્રજાની સંમતિનો - વ્યક્તિ સ્વાતંત્ર્યનો વીકાર - ફ્રાન્સ અને સ્પેનને થયેલા લાભો દર્શાવવા - ઇ.સ. ૧૭૮૩ની પેરિસ સંધિ મુજબ ઇંગ્લેન્ડે અમેરિકાની સ્વતંત્રતાનો સ્વીકાર કર્યો. યુ.એસ.એ. નો ઉદય - ઇ.સ. ૧૭૮૭ના બંધારણ મુજબ સંઘે સમવાયી પ્રજાતંત્ર અને પ્રમુખ પદ્ધતિની સરકારનો સ્વીકાર થયો - રાષ્ટ્રની પ્રજાના મહત્વને પ્રસ્થાપિત - સ્વતંત્રતાના જાહેરનામામાં વ્યક્તિ સ્વાતંત્ર્યનો આદર્શ - અમેરિકન ક્રાંતિમાં યુદ્ધના અંતે ઈંગ્લેન્ડની હાર થતાં ફ્રાન્સને નવા પ્રદેશો મળ્યા અને સ્પેનને તેના પ્રદેશો પાછા મળ્યા.

**પ્ર-૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.**

૧. એટલેન્ટિક ખતપત્ર શું છે ?

જ. ઇ.સ. ૧૯૪૧ માં ઇંગ્લેન્ડના વડાપ્રધાન ચર્ચિલ અને અમેરિકાના પ્રમુખ રુઝવેલ્ટે પરસ્પર મંત્રણાઓ કરી આંતરરાષ્ટ્રીય શાંતિ માટે વિશ્વસંસ્થા સ્થાપવાની જરૂરિયાત પર ભાર મૂકતું એક સંયુક્ત જાહેરનામું બહાર પાડ્યું હતું. જે 'એટલેન્ટિક ખતપત્ર' ના નામે ઓળખાય છે.

૨. લિયોનાર્દો-દ-વિન્ચીની જગવિખ્યાત ચિત્રકૃતિઓ કઇ કઇ છે ?

જ. 'મોનાલીસા' અને 'લાસ્ટ સપર' આ બે લિયોનાર્દો-દ-વિન્ચીની વિશ્વવિખ્યાત ચિત્રકૃતિઓ છે.

૩. ૧૬મી સદીમાં કયા દેશોમાં જોડણી કોશ તૈયાર થયા ? શાથી ?

જ. ૧૬મી સદીમાં નેધરલેન્ડ (હોલેન્ડ), ઇટાલી, જર્મની, ફ્રાન્સ અને સ્પેનના લોકો માટે જોડણીકોશ તૈયાર થયા.

૪. ઇ.સ. ૧૮૦૦ અને ૧૮૭૦ માં યુરોપની વસતી કેટલી હતી ?

જ. ઇ.સ. ૧૮૦૦ માં યુરોપની વસ્તી આશરે ૧૮ કરોડની હતી, જ્યારે ઇ.સ. ૧૮૭૦ માં વધીને ૩૦ કરોડ જેટલી થઇ હતી.

૫. સંયુક્ત રાષ્ટ્રોની વાલી સમિતિમાં કુલ કેટલા સભ્યો હોય છે ?

જ. સંયુક્ત રાષ્ટ્રોની વાલી સમિતિમાં સામાન્ય સભા પાંચ કાયમી સભ્યો ઉપરાંત બીજા ત્રણ સભ્યોને ત્રણ વર્ષ માટે ચૂંટે છે.

૬. હિટલર અને મુસોલીનીનો અંત કઇ રીતે આવ્યો ?

જ. હિટલરે આત્મહત્યા કરી, જ્યારે મુસોલિનીને કેદ કરી ગોળીએ દેવામાં આવ્યો, એ રીતે અંત આવ્યો.

૭. 'ધ પ્રેઇઝ ઓફ હોલી' નામનું પુસ્તક કોણે લખ્યું ? શા માટે ?

જ. 'માનવવાદી રાજકુમાર' તરીકે ઓળખાતા હોલેન્ડના વિદ્વાન ડેસિડેરિયસ ઈરેઝમસે ખ્રિસ્તી જગતનાં દૂષણો દૂર કરવા વ્યંગ્યપૂર્ણ 'ધ પ્રેઇઝ ઓફ હોલી' નામનું પુસ્તક લખ્યું.

૮. રશિયાના રાષ્ટ્રધ્વજમાં કયા પ્રતિકો અંકિત કરવામાં આવ્યાં ? શાથી ?

જ. રશિયાના રાષ્ટ્રધ્વજમાં 'દાતરડું અને હથોડા'ના પ્રતિકો અંકિત કરવામાં આવ્યા. આ બંને પ્રતિકો કિસાનો અને કામદારોની સર્વોપરિતાના પ્રતિકો હતા.

૯. ઇ.સ. ૧૮૫૭ ના વિપ્લવના મુખ્ય નેતાઓ કોણ કોણ હતા ?

જ. ઇ.સ. ૧૮૫૭ ના વિપ્લવના મુખ્ય નેતાઓ મુઘલ બાદશાહ બહાદુરશાહ, નાના સાહેબ પેશ્વા, ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, તાત્યા ટોપે, બેગમ હઝરત મહલ, મૌલવી અહમદશાહ, કુંવરસિંહ વગેરે હતા.

૧૦. ઝાર નિકોલસ બીજાએ કયું સૂત્ર અપનાવ્યું હતું ?

જ. ઝાર નિકોલસ બીજાએ 'એક રશિયા, એક સંસ્કૃતિ અને એક સમ્રાટ'નું સૂત્ર અપનાવ્યું હતું.

૧૧. શેક્સપિયરની જગપ્રસિદ્ધ નાટ્યકૃતિઓ કઇ કઇ હતી ?

જ. શેક્સપિયરની જગપ્રસિદ્ધ નાટ્યકૃતિઓ 'મર્ચન્ટ ઓફ વેનિસ', 'ઓથેલો', 'મેકબેથ' અને 'હેમલેટ' મુખ્ય છે.

૧૨. લેનિને પ્રજાને કયું સૂત્ર આપ્યું હતું ?

જ. લેનિને પ્રજાને 'રોટી, જમીન અને શાંતિ'નું સૂત્ર આપ્યું.

૧૩. ફાસીસ્ટ પક્ષની સ્થાપના કોણે, ક્યાં અને ક્યારે કરી હતી ?

જ. ફાસીસ્ટ પક્ષની સ્થાપના ઇ.સ. ૧૯૧૯ માં મિલાન શહેરમાં મુસોલિનીએ કરી હતી.

૧૪. સલામતિ સમિતિનું મુખ્ય કાર્ય શું છે ?

જ. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી એ સલામતી સમિતિનું મુખ્ય કાર્ય છે.

૧૫. કોપરનિકસે કઇ શોધ કરી ?

જ. સૂર્યની આસપાસ પૃથ્વી અને અન્ય ગ્રહો ફરે છે તથા પૃથ્વી પણ પોતાની ધરીની આસપાસ ફરે છે એ શોધ કોપરનિકસે કરી હતી.

૧૬. બીજા વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ કયું હતું ?

જ. હિટલરની આક્રમક સામ્રાજ્યવાદી નીતિ એ દ્વિતીય વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ હતી.

૧૭. ફ્રાન્સમાં બેસ્ટાઇલનો કિલ્લો શાના પ્રતિક સમાન હતો ?

જ. બેસ્ટાઇલનો કિલ્લો દેશભરના અન્યાય અને આપખુદીશાહીના પ્રતિકસમો હતો.

૧૮. કયા કયા સભ્યો સલામતિ સમિતિના કાયમી સભ્યો છે ?

જ. સલામતિ સમિતિના કાયમી સભ્ય દેશો અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન છે.

૧૯. ‘કોમિન્ટર્ન’ એટલે શું ? તેનું મુખ્ય ધ્યેય શું છે ?

જ. રશિયાની સામ્યવાદી આંતરરાષ્ટ્રીય સંસ્થા (કામદાર પક્ષોનું આંતરરાષ્ટ્રીય સંગઠન) ‘કોમિન્ટર્ન’ના નામથી ઓળખાય છે. તેનું મુખ્ય ધ્યેય રશિયામાં સોવિયેટ સત્તાનું રક્ષણ કરવાનું અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સામ્યવાદી ક્રાંતિનો ફેલાવો કરવાનું હતું.

૨૦. સોસાયટી ઓફ જિસસની સ્થાપના કોણે અને કયા હેતુથી કરી ?

જ. સંત ઇગ્નેશિયસ લોયલાએ ‘સોસાયટી ઓફ જિસસ’ની સ્થાપના કેથોલિક પંથની આંતરિક શુદ્ધિ કરવા અને ‘પવિત્ર કેથોલિક સંપ્રદાયનું રક્ષણ’ કરવા કરી હતી.

૨૧. રશિયન ક્રાંતિએ જગતને કયો સિદ્ધાંત આપ્યો ?

જ. રશિયન ક્રાંતિએ જગતને ‘વ્યક્તિ આર્થિક દષ્ટિએ શોષિત ન હોવી જોઇએ’ એ સિદ્ધાંત આપ્યો.

૨૨. સચિવાલયના મહામંત્રીની નિમણૂંક કોણ કરે છે ?

જ. સલામતિ સમિતિની ભલામણ મુજબ સામાન્ય સભા મહામંત્રીની નિમણૂંક પાંચ વર્ષ માટે કરે છે.

૨૩. નાઝી પક્ષના અંગરક્ષક સભ્યો કેવો પોશાક પહેરતા હતા ?

જ. નાઝી પક્ષના અંગરક્ષક સભ્યો કાળો પોશાક પહેરતા અને તેના પર ખોપડીનું ચિહ્ન રાખતા હતા.

૨૪. હિટલર જર્મની અને જર્મન પ્રજા વિશે શું માનતો હતો ?

જ. હિટલર જર્મની માટે ‘જ્યાં જ્યાં જર્મન ત્યાં ત્યાં જર્મની’ અને જર્મન પ્રજા માટે ‘વિશ્વમાં જર્મન પ્રજા જ શુદ્ધ આર્ય પ્રજા છે અને તે વિશ્વ પર રાજ્ય કરવાને સર્જાઇ છે.

**(બ) સંકલ્પના સમજાવો.**

૧. સામંતશાહી : જમીનની માલિકીના સંબંધો પર રચાયેલી એક વિશિષ્ટ પ્રકારની રાજકીય, આર્થિક અને સામાજિક વ્યવસ્થા.

૨. સીઆટો (SEATO): ઇ.સ. ૧૯૫૪ માં અમેરિકા અને ઇંગ્લેન્ડે દક્ષિણ પૂર્વ એશિયાના દેશોનું એક લશ્કરી સંગઠન રચ્યું જે ‘સીઆટો’ના નામથી ઓળખાય છે.

૩. લોલાડર્સ : જહોન વિકલીફના અવસાન બાદ તેના સમર્થકોએ દેવળ સામે આંદોલન ચાલુ રાખ્યું તેવા અનુયાયીઓને લોલાડર્સ કહે છે.

**(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો.**

૧. ચીને અફીણના વેપાર પર અંકુશ મૂક્યો ? શાથી ?

ચીને પશ્ચિમના દેશોને કેન્ટોન બંદર વેપાર કરવાની છૂટ આપી હતી. પરંતુ અંગ્રેજો ભારતમાંથી ચીનમાં અફીણની આયાત કરતા હતા. અફીણ એક કેફી પદાર્થ હોવાથી ચીન દેશના નાગરિકોના સ્વાસ્થ્યની સલામતી માટે ચીને અફીણ પર અંકુશ મૂક્યો.

૨. નાઝીવાદની આંતરિક સિદ્ધિઓ જણાવો.

જર્મનીમાં નાઝીવાદનો મુખ્ય પ્રણેતા હિટલર – નાગરિકોના સ્વાતંત્ર્યનો અંત – હિટલરે જર્મનીમાં શુદ્ધ આર્યત્વનો સિદ્ધાંત – નાઝીવાદની અલગ શિક્ષણ પ્રથા – નવી આર્થિક નીતિ – જાહેર

મકાનોનું નવું બાંધકામ – સિંચાઇ, રેલ્વે, રસ્તા અને યુદ્ધ માટે શસ્ત્રોનું બેફામ ઉત્પાદન – બેકારી નિવારણના કામો ઝડપી કર્યા – સ્વાવલંબી બનવા પ્રયાસ – ચતુઃવર્ષીય યોજના દાખલ કરી – પ્રજામાં પ્રબળ સાહસનો જુસ્સો પ્રગટાવ્યો.

૩. બોસ્ટન ટી પાર્ટીનો બનાવ જણાવો.

ઇંગ્લેન્ડની સરકારે ચા પરની જકાત ચાલુ રાખતાં સંસ્થાનવાસીઓએ વિરોધ અને ચા મંગાવાની બંધ – ઇંગ્લેન્ડની ચાની જકાતમાં ઘટાડો કરીને ઇસ્ટ ઇન્ડિયા કંપની મારફતે ભારતથી સંસ્થાનોને સીધી જ ચા મોકલવાનું નક્કી કર્યું – આથી સંસ્થાનોના વેપારીઓ અને પ્રજામાં અસંતોષ – ઇ.સ. ૧૭૭૩ માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ત્રણ વહાણો ચા લઇને બોસ્ટન બંદરે આવતાં દેશભક્ત સેમ્યુઅલ એડમ્સ અને તેના સાથીદારો આદિવાસી વેશભૂષા પહેરીનેરાત્રીના સમયે વહાણો પર ચડી ગયા અને ચાની પેટીઓ દરિયામાં ફેંધી દીધી – ઇંગ્લેન્ડની સરકારે સંસ્થાનવાસીઓ નુકશાની ન ભરે ત્યાં સુધી બોસ્ટન બંદર બંધ – બોસ્ટન ટી પાર્ટી ક્રાંતિનું મહત્વનું કારણ – તાત્કાલિક કારણ.

૪. ફાસીવાદની આંતરિક સિદ્ધિઓ જણાવો.

દૃઢ અને મજબૂત શાસનની સ્થાપના કરી મુસોલિનીએ ઇટાલીને સમૃદ્ધ અને શક્તિશાળી બનાવ્યું –ફાસીવાદી નવી આર્થિક નીતિને કારણે ઉત્પાદનમાં વૃદ્ધિ – ઝડપી આર્થિક વિકાસ – બધી જ સંસ્થાઓ ફાસીવાદના નિયમ પ્રમાણે કામ – મજૂરોને હડતાલ પાડવા પર પ્રતિબંધ – ઇટાલીમાં વેપાર અને ખેતીના વિકાસ માટે ઝડપી પગલાં– બેકારી નિવારણ અને નિરક્ષરતા નિવારણ માટે ખાસ ઝુંબેશ – ઇ.સ. ૧૪૩૫ માં માત્ર ૨% જ નિરક્ષર –લશ્કરની સેવા ફરજિયાત કરી નૌકા તાકાત વધારી – વેટિકનનગર ઉપર પોતાની સત્તા માન્ય રાખી હજારો કેથોલિકોને ખુશ – પોપ સાથે છેલ્લા ૬૦ વર્ષના સંબંધો સુધારી સિદ્ધિ મેળવી.

૫. ફ્રેન્ચ ક્રાંતિની વિશ્વ ઉપર થયેલી અસરો.

ફ્રાન્સ અને તેના સંસ્થાનોમાંથી હબસીઓને ગુલામ બનાવવાની પ્રથા નાબુદ – જગતના પરાધીન દેશોને સ્વાતંત્ર્ય માટે લડવાની અને લોકશાહીના વિચારોની પ્રેરણા – ઇંગ્લેન્ડમાં લોકશાહી માટેની ચળવળ મજબૂત બની – ગ્રીસે તૂર્કીના શાસનમાંથી તથા બેલ્જિયમે નેધરલેન્ડ્ઝના શાસનમાંથી સ્વતંત્રતા – ભારતને અંગ્રેજોની પરાધીનતામાંથી સ્વતંત્રતા – સ્વતંત્ર ભારતના રાજ્ય બંધારણમાં ફ્રેન્ચ ક્રાંતિના મહાન સિદ્ધાંતોનો સ્વીકાર.

૬. રાષ્ટ્રસંઘની નિષ્ફળતાના કારણોની ચર્ચા.

ઇ.સ. ૧૯૩૧ માં જાપાને ચીનના મંચુરિયા પર આક્રમણ – રાષ્ટ્રસંઘનો જાપાનને મંચુરિયામાંથી લશ્કરો પાછા ખેંચી લેવાનો આદેશ – જાપાને રાષ્ટ્રસંઘનો ત્યાગ – જાપાનને કોઇ શિક્ષા નહિ – ઇટાલીના સરમુખત્યાર મુસોલિનીએ આફ્રિકાના એબિશિનીયા પર આક્રમણ – રાષ્ટ્રસંઘે ઇટાલી સામે નાકાબંધી – રાષ્ટ્રસંઘના સભ્ય રાષ્ટ્રોએ જ સ્વાર્થ ખાતર પૂરવઠો આપ્યો – ઇટાલીએ સંઘનું સભ્યપદ છોડ્યું – સ્પેનના જનરલ ફ્રાન્કોએ લોકશાહી સરકારને ઉથલાવી સરમુખત્યારશાહી સ્થાપી – રાષ્ટ્રસંઘ કશું કરી ન શક્યો – હિટલરે વર્સેલ્સની સંધિનો ભંગ – યુદ્ધ દંડ ભરવાનું બંધ – હિટલરે ઓસ્ટ્રિયા અને ચેકોસ્લોવેકિયાનો કબજો – રાષ્ટ્રસંઘ કશું કરી ન શક્યું.

૭. ઝાર શાસન સમયની રશિયાની આર્થિક સ્થિતિ વિશે સમજ આપો.

રશિયાના ગામડાઓમાં ખેતદાસોની જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ શહેરોમાં કામદારોની થઇ – ઔદ્યોગિક ક્રાંતિને કારણે અહીં યંત્રવાદની શરૂઆત – કારખાનાના માલિકો થોડા કામદારો રાખી રાત–દિવસ કામ – આર્થિક શોષણને કારણે કામદારોની ગરીબીમાં વધારો – ગંદા વસવાટમાં રહેવું પડ્યું – રોગચાળાનો ભોગ – નવા ઉદ્યોગો શરૂ – રેલ્વે, રસ્તાઓ બંધાતા – લશ્કરનો ખર્ચ – ખર્ચ વસુલવા કામદારો પર આકરન કરવેરા નાખતા – સામાન્ય વર્ગ વધારે ભીંસાતો ગયો – ઇ.સ. ૧૮૪૧ થી ૧૯૦૧ સુધીમાં વારંવાર દુષ્કાળ પડ્યા – આથી ખેતદાસો–કામદારોની સ્થિતિ ખરાબ.

૮. રાષ્ટ્રસંઘ (લીગ ઓફ નેશન્સ) ની સિદ્ધિઓ.

રાષ્ટ્રસંઘે ''માનવ હક્કોનું ઘોષણાપત્ર'' બહાર પાડ્યું અને તમામ રાષ્ટ્રસમૂહોને અમલ માટે અપીલ – આર્થિક પછાત દેશોને નાણાંકીય સહાય કરી પગભર માટે પ્રયાસ – આર્થિક મંદીમાં સપડાયેલા દેશોને ઉદાર હાથે લોન – ગુલામી, વેઠ, વેશ્યાગૃહો નાબૂદી માટે પ્રયત્નો – સ્ત્રી, બાળકો માટે અયોગ્ય વર્તન અટકાવાયું – વિશ્વના ઘણા દેશોમાં શિક્ષણનો ફેલાવો અને શિક્ષણની સંસ્થાને અનુદાન – વિશ્વ આરોગ્યની સ્થાપના કરી કોલેરા, શીતળા, પ્લેગ, ક્ષય, ટાઇફોઇડ વગેરે રોગો સામે ઉપાયો – તેના માટે સંશોધન કેન્દ્રોની સ્થાપના.

## (ક) વિધાનોના કારણો આપો.

૧. યુનિસેફ બાળકો માટે દૂધનો પાવડર આપે છે.

જ. દરેક દેશના બાળકો એ આવતી કાલની આશા છે, તેઓ દેશના ભાવિ નાગરિકો છે, દેશનું ભવિષ્ય તેમના પર આધારિત છે, જે દેશનાં બાળકો નિરોગી, ખડતલ અને સુશિક્ષિત હોય એ દેશનું ભાવિ ઉજ્જવળ બને છે. વિશ્વના પ્રત્યેક દેશનો વિકાસ તેના બાળકોના સંગીન વિકાસ પર જ આધારિત છે.

૨. આજે વધુ વૃક્ષ વાવોની ઝુંબેશ ચાલે છે.

જ. ઉદ્યોગો અને કારખાનામાં વપરાતા બળતણથી હવામાં હાનિકારક વાયુઓ અને ધુમાડો ફેલાય છે. હવા દૂષિત બને છે. રસાયણો બનાવતાં કારખાનાંનો કચરો અને ગંદુ પાણી, જમીન તથા પાણીને દૂષિત કરે છે. કારખાનામાં યંત્રો ચાલવાથી વાતાવરણ ઘોંઘાટિયું બને છે. કૃત્રિમ ઔદ્યોગિક ઉત્પાદનોથી તેમજ ખેતીમાં જંતુનાશક દવાઓના ઉપયોગથી પ્રદૂષણનું પ્રમાણ વધ્યું છે. હવા, પાણી, જમીન, ખોરાક, અવાજ વગેરે પ્રદૂષણમાં વધારો થાય છે.

૩. શસ્ત્ર ઉત્પાદન પ્રથમ ભૂખ તરફ અને પછી સંહાર તરફ લઇ જાય છે.

જ. કોઇપણ દેશમાં શસ્ત્રોનું ઉત્પાદન તેની શક્તિ અને ધનના ભોગે થાય છે. તેથી દેશના વિકાસ કાર્યો માટે પૂરતા નાણાં ખર્ચી શકતા નથી. પરિણામે દેશનો આર્થિક વિકાસ મંદ પડે છે. ગરીબી અને બેકારી જેવી સમસ્યાઓનું પ્રમાણ વધે છે. શસ્ત્રો માનવીના મગજમાં યુદ્ધની ઉત્તેજના જન્માવે છે. આમ શસ્ત્ર ઉત્પાદન દેશને પ્રથમ ભૂખ તરફ અને અંતે વિનાશ તરફ લઇ જાય છે.

૪. ભારતે શ્રીલંકામાં લશ્કર મોકલ્યું.

જ. વર્ષોથી શ્રીલંકામાં સ્થાયી વસવાટ કરતા ભારતના તમિલ લોકોને શ્રીલંકાની સરકારે નાગરિકત્વ આપ્યું નથી. તમિલોએ આથી શ્રીલંકાની સરકાર સામે ઉગ્ર લડત શરૂ કરી. એ લડતને દબાવી દેવા શ્રીલંકાની સરકારે કડક લશ્કરી પગલાં ભર્યા. પરિણામે તમિલોએ લડાયક લશ્કરી સંગઠનો રચી શ્રીલંકાના લશ્કર સામે સંઘર્ષ શરૂ કર્યો. તેમણે શ્રીલંકાના ઉત્તર ભાગમાં પોતાના સ્વતંત્ર રાજ્યની માંગણી પણ કરી છે. પોતાની માંગણીઓના સમર્થનમાં આક્રમક બનતાં જતાં તમિલ સંગઠનોને અંકુશિત કરવા શ્રીલંકાની સરકારે ભારત સમક્ષ શાંતિદળોની માંગણી કરી. આથી ભારતે શ્રીલંકામાં લગભગ ૮૦૦૦૦ સૈનિકોનું લશ્કર મોકલ્યું.

૫. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો.

જ. ગાંધીજી ૨૧ વર્ષ સુધી દક્ષિણ આફ્રિકામાં રહ્યા. અને આ સમય દરમ્યાન રંગભેદનીતિના કડવા અનુભવો થયા. દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારી કાળા ગોરાની ભેદભાવની નીતિ અપનાવીને ત્યાં રહેતા હિંદીઓને ભારે અન્યાય કર્યા. તે જોઇ ગાંધીજીનો આત્મા કકળી ઉઠયો. સત્તાધારી પક્ષ દ્વારા થઇ રહેલ આ પપાત અને અન્યાયનોઅ હિંસક રીતે અને નિર્ભયતાથી સામનો કરવા ગાંધીજીએ આફ્રિકામાં વસતા હિંદીઓને સંગઠિત કર્યા. આમ ...

૬. વિશ્વમાં શાસિત વર્ગ પોતાના હક્કો ભોગવી શકતો નથી.

જ. કારણ કે સદીઓથી આમ ચાલતું આવ્યું છે. જે શાસક વર્ગ હોય તે તમામ પ્રકારના વિશિષ્ટ હક્કો ભોગવે છે, અને શોષિત વર્ગ હોય તો તે પોતાના મૂળભૂત હક્ક ભોગવી ન શકે. શાસક વર્ગ કરતાં શોષિત વર્ગ સંખ્યાની દષ્ટિએ બહુમતી ધરાવતો હોવા છતાં સત્તાના જોરે શાસક વર્ગ એમના પર શાસન કરીને એમનું શોષણ કરે છે. મૂડીવાદ સમાજ વ્યવસ્થામાં સામંતશાહી શાસન પ્રણાલીમાં પણ મૂડીદાર વર્ગ વધુ પડતા હક્ક ભોગવીને શોષિત વર્ગન કચડે છે. રાજકીય, સામાજિક, ધાર્મિક ક્ષેત્રે લગભગ આ જ પ્રકારની સ્થતિ છે.

૭. નાગરિકે વાહન વ્યવહારની સારી ટેવો વિકસાવવી જોઇએ.

જ. વાહનોના ધુમાડાથી હવા પ્રદૂષિત થાય છે. તેથી જરૂર જણાય ત્યારે જ ઉપયોગ કરવો. વાહનોનાં અવાજથી અવાજ પ્રદૂષણ ફેલાય છે. તેથી વાહનોની સંભાળ અને નિયમિત મરામત કરવી. ગીચ વિસ્તારોમાં એક જ સ્થળે અને સમયે વાહનો અટવાઇ જાય એવા પ્રસંગ ઓછા બને એમાં સહકાર આપવો. એક માર્ગી રસ્તાનો ઉપયોગ કરવો. ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું.

૮. પંચશીલના સિદ્ધાન્તોને વિશ્વમાં ગૌરવયુક્ત સ્થાન મળ્યું છે.

જ. ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પંચશીલના સિદ્ધાંતોના પુરસ્કર્તા હતા. ઇ.સ.૧૯૫૫માં ઇન્ડોનેશિયાના બાન્ડુંગ શહેરમાં યોજાયેલી એશિયા અને આફ્રિકાના બિનજોડાણવાદી રાષ્ટ્રોની પરિષદમાં પંચશીલના આ સિદ્ધાંતો સ્વીકારવામાં આવ્યા. ઇ.સ. ૧૯૫૬માં સંયુક્ત રાષ્ટ્રોના ૮૨ દેશોએ આ સિદ્ધાંત સ્વીકાર્યા. આમ પંચશીલના સિદ્ધાંતોને વિશ્વમાં ગૌરવભર્યું સ્થાન મળ્યું.

૯. ૨૦મી સદીમાં માનવીએ વિશ્વશાંતિની ખોજ કરી.

જ. ૨૦મી સદીના વિશ્વે બે મહાભયંકર યુદ્ધના માઠા પરિણામો ભોગવ્યા. પ્રથમ વિશ્વયુદ્ધના અંતે માનવીએ વિશ્વસંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય શાંતિ સાધવા પ્રયત્નો કર્યા. નિષ્ફળ ગયો. બીજું વિશ્વયુદ્ધ સમગ્ર માનવજાત માટે ચેતવણીરૂપ હતું. માનવજાતિના સમજુ અને વિચારશીલ મનુષ્યોએ માનવીની કાયમી ખોજ કરી. યુદ્ધ પુરું થતાં વિશ્વમાં કાયમી શાંતિ સ્થપાય એવી આશા અને શ્રદ્ધા સાથે સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના કરવામાં આવી.

**(ડ) ટૂંક નોંધ.**

૧. પંચશીલના સિદ્ધાન્તો.

રાષ્ટ્રોએ એકબીજાના પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનો આદર કરવો. એકબીજા રાષ્ટ્રોએ પરસ્પર આક્રમણ કરવા નહિ. રાષ્ટ્રોએ એકબીજાની આંતરિક બાબતોમાં દરમ્યાનગીરી કરવી નહિ. રાષ્ટ્રોએ આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સમાનતા અને સદ્ભાવ જાળવવા તેમજ આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર સાધવો. બધા રાષ્ટોએ શાંતિમય સહઅસ્તિત્વ જાળવવું.

૨. શહેરીકરણની સમસ્યાઓ.

શહેરોમાં ઉત્તરોત્તર વસ્તી વધુ. રહેઠાણોની સમસ્યા. પાણી પૂરવઠો, ડ્રેનેજ, વિજળી, આરોગ્યપદ સુવિધાઓ, ઝુંપડપટ્ટીઓ, વસ્તી ગીચતા અને ગંદકીનું વધતું જતું પ્રમાણ. વાહનોમાં વધારો. અવાજ પ્રદૂષણ તેમજ ટ્રાફિક નિયંત્રણની સમસ્યાઓ. કારખાનાં, ઉદ્યોગો ને કારણે હવા, ભૂમિ પ્રદૂષણ થયું. શહેરમાં આરોગ્યપદ સુવિધાઓને અભાવ. ઘોંઘાટથી માનસિક તાણથી પીડાય છે.

**પ્ર-૩. (અ) એક-બે વાક્યમાં જવાબ.**

૧. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના ક્યારે અને શા માટે થઇ ?

જ. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના દ્વિતીય વિશ્વયુદ્ધને અંતે ખોરવાઇ ગયેલી વિશ્વ નાણાંકીય વ્યવસ્થાને સ્થિર બનાવવા ઇ.સ. ૧૯૪૫ માં કરવામાં આવી.

૨. ભારતમાં યુનિસેફનાં મુખ્ય કાર્યાલયો ક્યાં આવેલા છે ?

જ. ભારતમાં દિલ્હી, મુંબઇ, કોલકાતા અને ચેન્નઇમાં યુનિસેફના કાર્યાલયો આવેલા છે.

૩. પર્યાવરણની સમતુલા જાળવવા માટે કઇ બે મહત્વની બાબતો છે ?

જ. પર્યાવરણની સમતુલા જાળવવા માટે (૧) માનવ વસ્તીનું નિયમન (૨) નવી ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ, આ બે મહત્વની બાબતો છે.

૪. ગાંધીજીએ રંગભેદની નીતિ કઇ રીતે ખુલ્લી પાડી ?

જ. ગાંધીજીએ પ્રજાને જાગૃત કરી અસહકાર, હડતાલ, બહિષ્કાર, સવિનય કાનૂન ભંગ જેવા અહિંસાત્મક પ્રતિકારનાં પગલાં ભરી ગોરી સરકારની રંગભેદની નીતિ ખુલ્લી પાડી.

૫. સહ અસ્તિત્વ એટલે શું ?

જ. સહઅસ્તિત્વ એટલે એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રનાં અસ્તિત્વનો સમાન દરજ્જો સ્વીકારે તેમજ પરસ્પર માન અને ગૌરવ જાળવે તેને સહઅસ્તિત્વ કહે છે.

૬. ગાંધીજીએ વિશ્વશાંતિ વિશે શું કહ્યું છે ?

જ. ગાંધીજીએ વિશ્વશાંતિ માટે અણુશસ્ત્રો વિનાની વિશ્વની આકૃતિ વિશ્વ માનવોનાં દિલમાં સ્થપાશે ત્યારે જ સાચી ક્રાંતિ થશે એવું કહ્યું છે.

૭. દક્ષિણ આફ્રિકામાં ''પાન આફ્રિકન કોંગ્રેસ''ની સ્થાપના કોણે કરી હતી ?

જ. દક્ષિણ આફ્રિકામાં ''પાન આફ્રિકન કાંગ્રેસ''ની સ્થાપના નેલ્સન મંડેલાએ કરી હતી.

૮. યુનિવર્સલ પોસ્ટલ યુનિયન એ શું છે ?

જ. ભારત અને ભૂતાન વચ્ચે આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો સુધારવા ભૂતાનને પોસ્ટલ યુનિયનનું સભ્ય બનાવ્યું.

૯. ગ્રીનહાઉસ ઈફેક્ટ એટલે શું ?

જ. પર્યાવરણની સમતુલા જોખમાતાં પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે. પૃથ્વીના આવા વાતાવરણમાં જે વિનાશક ફેરફારો થઇ રહ્યા છે, તેને ''ગ્રીન હાઉસ ઈફેક્ટ'' કહેવામાં આવે છે.

૧૦. UNESCO નું પુરૂં નામ લખો.

જ. UNESCO પુરું નામ - યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટીફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન.

**(બ) સવિસ્તાર ઉત્તર આપો.**

૧. રંગભેદની નીતિ દૂર કરવા થયેલા પ્રયત્નો.

જ. ગાંધીજીએ આફ્રિકામાં રંગભેદની નીતિ દૂર કરવા સત્યાગ્રહ કર્યો. અહિંસાત્મક પ્રતિકાર કરી ગોરી સરકારની રંગભેદની નીતિ ખુલ્લી પાડી. રંગભેદની નીતિનો ભોગ બનેલાઓને રક્ષણ આપવા 'બ્લેક એશ' નામની સંસ્થા સ્થાપી. ગોરા વિદ્યાર્થીઓના પદવીદાન સમારંભમાં રંગભેદની નીતિનો જાહેરમાં વિરોધ કર્યો. સંગઠનોની રચના થઇ. વિવિધ ક્રાંતિકારી સંસ્થાઓ સ્થપાઇ. યુ.એન.એ રંગભેદની નીતિ દૂર કરવા ઠરાવો કરી દક્ષિણ આફ્રિકન સરકારને આદેશ આપ્યા. ભારતે રંગભેદની નીતિના વિરોધમાં દક્ષિણ આફ્રિકાની સરકાર સાથેના બધા રાજકીય સંબંધ તોડી નાખ્યા.

૨. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના કાર્યો.

જ. અર્થવ્યવસ્થાની સમતુલા જાળવવા હૂંડિયામણોનો દર નક્કી કરવો અને હૂડિયામણને સ્થિર બનાવવું. સભ્ય દેશોને જરૂરી વિદેશી ચલણ પૂરું પાડવું અને લેણદેણની તુલાની કામચલાઉ ખાધને દૂર કરવા પ્રયત્ન કરવો. સભ્ય દેશોને આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ચલણની ચૂકવણી કરવી. હૂંડિયામણનો દર નક્કી કરવો અને હૂંડિયામણને સ્થિર બનાવવું. સ્પર્ધાત્મક અવમૂલ્યન અટકાવી વિનિમયના દરની સ્થિરતા જાળવવી.

૩. ભારતે ભૂતાનને શી મદદ કરી ?

જ. વાહન વ્યવહાર અને સંદેશાવ્યવહારના વિકાસ માટે નાણાંકીય મદદ. ભારતની સલાહથી ભૂતાનની પ્રજાને બંધારણી સુધારા આપ્યા. યુ.એન.નું સભ્યપદ અપાવવા પ્રયત્નો કર્યા. આર્થિક વિકાસ માટે વાહન વ્યવહારની સગવડો પૂરી પાડી. યુનેસ્કોના વિકાસમાં ભારત ૧૯૪૬થી સ્થાપક સભાસદ. ભારતની સૂચનાથી ૧૯૬૮ આંતરરાષ્ટ્રીય માનવહક્ક વર્ષ ઉજવણી. ભારતના રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને અધ્યક્ષપદ સ્વીકાર. ભરાતના તજજ્ઞ વ્યક્તિઓની સેવાનું પ્રદાન. યુનેસ્કોની તમામ પ્રવૃત્તિમાં ભારતનો સહકાર.

૪. ભારતની વિદેશ નીતિના મુખ્ય (પાયાના) સિદ્ધાંતો.

જ. બિન જોડાણની નીતિ, સહઅસ્તિત્વ અને વિશ્વશાંતિ, સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદનો વિરોધ, રંગભેદ અને જાતિવાદનો વિરોધ, પંચશીલના સિદ્ધાંતોને સ્થાન, બૃહદ્ એશિયાવાદ, સંયુક્ત રાષ્ટ્રોને સમર્થન, બિનશરતી આર્થિક સહાય, એશિયા-આફ્રિકા ઐક્ય દ્વારા વિશ્વનાં રાષ્ટ્રો સાથે મૈત્રીભર્યા સંબંધો સ્થાપવા માંગે છે.

૫. સહ અસ્તિત્વ એટલે શું ? વિશ્વના રાષ્ટ્રોને તે કેમ જરૂરી છે.

જ. સહઅસ્તિત્વ એટલે એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રનાં અસ્તિત્વને તથા સમાન દરજ્જાને સ્વીકારે, બીજા રાષ્ટ્રનું માન, ગૌરવ જળવાઇ રહે તેવી વિચારસરણી. આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીએ વિશ્વને અનેક નવા શસ્ત્રોના ઉત્પાદનની જાણકારી આપી છે. દુનિયાના દેશોને પ્રગતિ અને વિકાસ સાધવા માટે પણ પરસ્પર સહકારની સાથે સહઅસ્તિત્વ જરૂરી છે. સહઅસ્તિત્વનો સિદ્ધાંત અપનાવીને જ વિશ્વશાંત, વિશ્વ ઐક્ય અને વિશ્વ બંધુત્વની ભાવનાઓ વિકસાવી શકાય. યુદ્ધના વિનાશક પરિણામોથી બચવા અને શાંતિની પ્રસ્થાપના માટે સહઅસ્તિત્વ જરૂરી છે.

૬. યુનિસેફના હેતુઓ જણાવો.

જ. આ સંસ્થાની સ્થાપના ઇ.સ. ૧૯૪૬ માં થઇ. આ સંસ્થા વિશ્વના બાળકો માટે કલ્યાણકારી કામગીરી બજાવે છે. આ સંસ્થા ગરીબ અને પછાત દેશોનાં બાળકો અને માતાઓ માટે દૂધ, દૂધનો પાવડર, પોષણયુક્ત આહાર, કપડાં વગેરેની સહાય કરે છે. વિવિધ રોગોની સારવાર માટે દવાઓ અને ઇંજેક્શનોની સહાય કરે છે. શુદ્ધ અને સ્વચ્છ પાણી અંગેની પ્રાપ્તિ માટે પણ દુનિયાના દેશોને સહાય કરે છે. બાળકોના સારા શિક્ષણ માટે શિક્ષણ સંસ્થાઓને શૈક્ષણિક સાધન સામગ્રી માટે સહાય કરે છે. ધરતીકંપ, રેલ કે દુષ્કાળના સમયે વિશ્વના દેશોને સહાયરૂપ થાય છે. હવે તેની પ્રવૃત્તિઓ બાળકો અને માતાઓ ઉપરાંત યુવાનો સુધી વિસ્તૃત થયેલી છે.

**(ક) સંકલ્પના સમજાવો.**

૧. **બજાર :** ખરીદી અને વેચાણ શક્ય બને એ માટે ખરીદનાર અને વેચનાર વચ્ચે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક સ્થાપી આપે તેવી કોઇક વ્યવસ્થા.

૨. **ઇજારો :** અમુક ચીજોના ઉત્પાદન ઉપર અમુક ઉત્પાદકોનું જ પ્રભુત્વ હોય અને કોઇ હરિફાઇ ન હોય તેવી સ્થિતિ.

૩. **રાજકોશીય નીતિ :** સરકારની આવક, ખર્ચ અને જાહેર ઋણ અંગેની નીતિને રાજકોશીય નીતિ કહે છે.

૪. **પ્રચ્છન્ન બેકારી :** કોઇપણ વ્યવસાયમાં જરૂરિયાત કરતાં વધારે જોડાયેલા વ્યક્તિને પ્રચ્છન્ન બેકાર જે દેખીતી રીતે કામ કરતો હોય પણ ઉત્પાદનમાં વધારો થતો નથી.

૫. **ગ્રાહક :** પોતાની જરૂરિયાત સંતોષવા માટે નાણાં ખર્ચવાની શક્તિ અને ઇચ્છા ધરાવનાર વ્યક્તિ.

૬. **વ્યાપાર તુલા :** અમુક ચોક્કસ સમયગાળામાં દેશની દશ્ય કે ભૌતિક સ્વરૂપની વસ્તુઓની આયાત અને નિકાસનો હિસાબ દર્શાવતું સરવૈયું.

૭. **સૂક્ષ્મ શ્રમવિભાજન :** ઉત્પાદનની પ્રક્રિયા જુદા જુદા વિભાગોમાં વહેંચીને એ દરેક વિભાગનું કાર્ય અલગ અલગ વ્યક્તિઓને સોંપવામાં આવે એવી વ્યવસ્થાને સૂક્ષ્મ શ્રમવિભાજન કહેવામાં આવે છે.

૮. **શ્રમપ્રધાન ચીજ :** જે ચીજના ઉત્પાદનમાં શ્રમશક્તિની વધારે જરૂર હોય તેને શ્રમપ્રધાન ચીજ કહેવાય. હાથ કારીગરીની ચીજવસ્તુઓ શ્રમપ્રધાન ચીજ ગણાય.

૯. **ખાનગી વિદેશી રોકાણ :** વિદેશોના નાગરિકો અને પેઢીઓ ભારતમાં પ્રવર્તતા વ્યાજના કે નફાના દરથી આકર્ષાઇને કે પછી ભારત સરકારે આપેલી કરની કે અન્ય છૂટછાટોને કારણે આપમેળે ભારતમાં આવે તેને ખાનગી વિદેશી રોકાણ કહેવાય.

૧૦. **નિરપેક્ષ ગરીબાઇ :** જેમાંથી ન્યૂનતમ કેલરી મળી રહે તેટલું પણ અનાજ ખરીદવાની પણ શક્તિ ન ધરાવનાર કે મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડી શકે તેટલી આવક ન ધરાવતા લોકોની સ્થિતિને નિરપેક્ષ ગરીબાઇ કહેવાય.

## (ડ) નીચેના પ્રશ્નોના જવાબો એક-બે વાક્યોમાં આપો.

૧. સૂક્ષ્મ શ્રમ વિભાજનના બે ફાયદા જણાવો.

જ. સૂક્ષ્મ શ્રમવિભાજનના બે ફાયદાઓ : ( ૧ ) માણસને પોતાના વ્યાવસાયિક જીવનમાં એક નાનું કામ કરવાનું હોવાથી તે કામમાં નિપુણ બને છે અને વધુ માલ પેદા કરી શકે છે. ( ૨ ) કારીગરની સંશોધક વૃત્તિને પ્રોત્સાહન મળતાં ઓછી મહેનતે વધુ સારી રીતે કાર્ય થઇ શકે છે.

૨. આંતરરાષ્ટ્રીય વેપાર કયા ત્રણ સંજોગોમાં ઉદ્ભવે છે ?

જ. આંતરરાષ્ટ્રીય વ્યાપાર ( ૧ ) ચોક્કસ સાધનોનો સંપૂર્ણ અભાવ. ( ૨ ) નિરપેક્ષ સાનુકૂળતા. ( ૩ ) તુલનાત્મક અનુકૂળતા જેવા પરિબળોને કારણે ઉદ્ભવે છે.

૩. વિકસિત દેશ કોને કહેવાય ?

જ. વિશ્વ બેંકના મતે ઇ.સ. ૧૯૯૧ માં વાર્ષિક ૬૦૦૦ કે તેથી વધારે ડૉલરનું માથાદીઠ એકંદરે રાષ્ટ્રીય ઉત્પાદન ધરાવતા દેશોને વિકસિત દેશો કહેવાય છે.

૪. ભારતમાં આવક અને સંપત્તિની અસમાનતા માટે જવાબદાર પરિબળો કયા છે ?

જ. આવકની અસમાનતા માટે ફુગાવો, કાળા નાણાં, અર્થતંત્રમાં મોટા ઉદ્યોગોનું વર્ચસ્વ, આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ વગેરે પરિબળોને જવાબદાર ગણી શકાય.

૫. વિદેશી સહાયના કયા સ્ત્રોત ભારત માટે સુકાઇ ગયા છે ?

જ. સોવિયેટ રશિયા અને પૂર્વ યુરોપના અન્ય દેશો પાસેથી મળતી સહાય સ્ત્રોત ભારત માટે સુકાઇ ગયા છે.

૬. ભારતમાં આયોજન પંચનો પ્રારંભ ક્યારે થયો ?

જ. ૧૫મી માર્ચ, ૧૯૫૦ ના રોજ રાષ્ટ્રીય આયોજન પંચની રચના કરવામાં આવી હતી.

૭. ઋતુગત બેકારી એટલે શું ?

જ. ખેતી જેવા ઋતુગત વ્યવસાયોમાં રોકાયેલા ઘણા લોકે કામની ઋતુ સિવાયનો વર્ષનો બાકીનો ભાગ બેકાર રહે છે. તેમની બેકારી ઋતુગત બેકારી કહેવાય છે.

૮. આપણા દેશની મધ્યસ્થ બેંક કઇ છે ? તેનું કાર્ય શું છે ?

જ. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એ આપણા દેશની મધ્યસ્થ બેંક છે. તે દેશની નાણાંકીય નીતિ નક્કી કરે છે.

૯. આંતરરાષ્ટ્રીય વેપારથી યોજકને કઇ ફરજ પડે છે ?

જ. આંતરરાષ્ટ્રીય વેપારથી દેશના યોજકને કાર્યક્ષમતા સુધારવાની, પોતાની પેદાશની ગુણવત્તા સુધારવાની તેમજ અનુકૂળતા ન હોય તેવાં ક્ષેત્રો તેઓને છોડી દેવાની ફરજ પાડે છે.

૧૦. ભારત સહાયકલબના સભ્ય દેશો કેટલા છે ? તેના નામ આપો.

જ. જર્મની, ઇટાલી, જાપાન, નેધરલેન્ડ, સ્વીડન, ઇંગ્લેન્ડ, યુ.એસ., વિશ્વબેંક અને ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોસિએશનનો સમાવેશ થાય છે.

૧૧. લેણદેણની તુલા એટલે શું ?

જ. દશ્ય આયાત અને દશ્ય નિકાસના સરવૈયામાં જ્યારે અદશ્ય કે ભૌતિક સ્વરૂપની સેવાઓ તેમ જ નાણાંકીય મૂડીની આયાત-નિકાસની વિગતો પણ દર્શાવાઇ હોય તેને લેણદેણની તુલા કહેવામાં આવે છે.

૧૨. આયોજનના હેતુઓનું માર્ગદર્શન ક્યાંથી મળે છે ?

જ. ભારતના બંધારણમાં આપેલા રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી આયોજનના હેતુઓ માટેનું માર્ગદર્શન બને છે.

૧૩. 'ઇડા'ની મર્યાદા શી છે ?

જ. 'ઇડા'ની મર્યાદા એ છે કે તે ઝાઝું ધિરાણ કરી શકતી નથી. વિકસિત દેશો અવાર-નવાર જેટલાં નાણાં તેને આપે તેટલું ધિરાણ તે કરી શકે છે.

૧૪. વિશ્વબેંકનું વિધિસરનું નામ અને સ્થાપના વર્ષ જણાવો.

જ. વિશ્વબેંકનું વિધિસરનું નામ પુનર્રચના અને વિકાસ માટેની આંતરરાષ્ટ્રીય બેંક છે. તેની સ્થાપના ઇ.સ. ૧૯૪૫માં થઇ હતી.

૧૫. આયોજનના અંગો કેટલા અને કયા કયા છે ?

જ. આયોજનના અંગો આઠ છે : (૧) હેતુઓને તેમનો અગ્રતાક્રમ. (૨) વર્તમાન સ્થિતિને ભાવિ અંગેનો ક્યાસ. (૩) સૈદ્ધાંતિક સમજ. (૪) સમયનો ગાળો. (૫) સંકલન. (૬) યોજના અને યોજનાપંચ. (૭) યોજનાનું અમલીકરણ અને (૮) મૂલવણી.

**પ્ર-૪. (અ) નીચેના વિધાનો માટે કારણો આપો.**

૧. ચોક્કસ સાધનોના સંપૂર્ણ અભાવે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદ્દભવે છે.

જ. ત્રણ સંજોગોમાં આંતરરાષ્ટ્રીય વેપાર ઉદ્દભવે છે. ચોક્કસ સાધનોનો સંપૂર્ણ અભાવ : દેશ દેશ વચ્ચે કુદરતી સંપત્તિ સરખે ભાગે વહેંચાયેલી નથી. કેટલાંક દેશોમાં કુદરતી સાધનો કે સંપત્તિનો બિલકુલ અભાવ. આથી આવા દેશોને બીજા દેશોમાં બનતી ચીજવસ્તુઓ આયાત કરવી પડે છે. નિરપેક્ષ સાનુકૂળતા : જુદા જુદા દેશ વિભિન્ન સાધનો જુદા જુદા પ્રમાણમાં ધરાવે છે. આમાંથી પણ આંતરરાષ્ટ્રીય વેપારા ઉદ્દભવે છે. તુલતાત્મક અનુકૂળતા : એક વસ્તુ ઉત્પાદન કરવામાં એક

દેશનું ચઢિયાતુંપણું છે. જ્યારે બીજી વસ્તુ ઉત્પાદન કરવામાં બીજા દેશનું ચઢિયાતુંપણું છે. એક દેશને બીજી વસ્તુના ઉત્પાદનમાં અનુકૂળતા ન હોવાથી આંતરરાષ્ટ્રીય વેપાર ઉદ્ભવે છે.

૨. ઊર્જાશક્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો હિતાવહ છે.

જ. કુદરતી ગેસ, કોલસો, ખનિજ તેલ વગેરે ઊર્જાશક્તિના સાધનો મર્યાદિત છે. પરંપરાગત ઊર્જાસ્ત્રોતો ઝડપથી વપરાઇ રહ્યા છે. આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો ઊર્જાના મોટા ભાગનાં સ્ત્રોત નજીકના ભવિષ્યમાં ખલાસ થઇ જશે. ઊર્જાની અછત સર્જાશે. ઊર્જાશક્તિના સાધનોનો વધુ પડતો ઉપયોગ કરવો પરવડે તેમ નથી. ઊર્જાશક્તિનો બગાડ એ રાષ્ટ્રીય સંપત્તિનો બગાડ છે. ઊર્જાશક્તિનો યોગ્ય ઉપયોગ કરવાથી રાષ્ટ્રની સેવા કરી ગણાશે.

૩. વિદેશી સહાયનો અવિચારી ઉપયોગ બોજારૂપ બને છે.

જ. વિદેશી સહાયના નાણાં ઉત્પાદક સાધનોમાં કે વળતર આપી શકે એવા ક્ષેત્રોમાં રોકવામાં આવે તો તેની આવકમાંથી સહાયની પરત ચૂકવણી સરળ બને છે. પરંતુ વિદેશી સહાય બિન ઉત્પાદક કાર્યોમાં રોકાય અથવા તે અવિચારી મૂડીરોકાણના કાર્યક્રમો પાછળ ખર્ચાઇ જાય ત્યારે દેવાના હપ્તા અને વ્યાજની ચુકવણી મુશ્કેલ બની જાય છે.

૪. આંતરરાષ્ટ્રીય વ્યાપાર વિશ્વ બંધુત્વની ભાવના વિકસાવે છે.

જ. આંતરરાષ્ટ્રીય વ્યાપારને કારણે જગતના દેશો એકબીજાના વધુ ઘનિષ્ઠ સંપર્કમાં આવે છે. પરિણામે જગતમાં આંતરરાષ્ટ્રીય સહકારની ભાવનાનો સાહજિક વિકાસ થાય છે. આમ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર વિશ્વ બંધુત્વની ભાવના વિકસાવે છે.

૫. આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા દરેક દેશ પ્રમાણમાં સસ્તી અને સારી વસ્તુઓ મેળવી શકે છે.

જ. આંતરરાષ્ટ્રીય વ્યાપારને લીધે વેપાર ધંધાનો વ્યાપ વધે. પરિણામે ઉત્પાદનના સાધનોની મહત્તમ કાર્યક્ષમ ફાળવણી કરવાનું અને અતિ સૂક્ષ્મ શ્રમવિભાજન લેવાનું સુલભ બને છે. આને કારણે વસ્તુની ગુણવત્તા સુધરે છે અને ઉત્પાદન ખર્ચ ઘટે છે. આમ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા દરેક દેશ પ્રમાણમાં સસ્તી અને સારી વસ્તુઓ મેળવી શકે છે.

૬. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ભારતને આયોજન કરવું પડ્યું.

જ. ભારત જેવા દેશમાં ઓછી આવક, મોટી આવક, દેખાદેખીથી મોજશોખની ચીજો પાછળ ખર્ચ, કુરિવાજોને કારણે નાગરિકોની બચત ઓછી. ગરીબી, બેકારી, અર્ધબેકારી, નિરક્ષરતા વગેરે સમસ્યાઓ વ્યાપક હોય છે. દેશ આર્થિક આયોજનનો માર્ગ અપનાવે, જનસંખ્યાને મર્યાદિત કરવા માટેની નીતિ તેમજ બચત તથા મૂડી રોકાણ કરવાની નીતિ સ્વીકારે તો દેશનો સર્વાંગી અને સમતોલ વિકાસ સાધી શકાય છે. વિકાસશીલ દેશનો વિકાસ ફુગાવાને જન્મ ન આપે, બેરોજગારી ન સર્જે, આર્થિક અસમાનતા ઘટાડે. આ બધા માટે આયોજનનું સંચાલન પોતાના હાથમાં હોવું અનિવાર્ય છે. આયોજન મહત્વનું છે.

૭. આજે કોઇપણ દેશનું અર્થતંત્ર આયોજન વિનાનું નથી.

જ. આધુનિક યુગમાં દરેક દેશમાં જન્મ સંખ્યા ઝડપથી વધતી હોય છે. માથાદીઠ એકંદર રાષ્ટ્રીય ઉત્પાદન ઓછું હોય છે. લોકોની મોજશોખ કે સામાજિક પ્રસંગોએ ખર્ચ કરવાની વૃત્તિ વધારે હોય છે. બચતની વૃત્તિ બહુ ઓછી હોય છે. ગરીબાઇ, અર્ધબેકારી, પૂર્ણ બેકારી, નિરક્ષરતા

અને બિમારી વગેરેનું મોટું પ્રમાણ હોય છે. બાળકો અને પ્રસૂતાઓમાં મરણનું પ્રમાણ ઊંચું હોય છે. ધનિક-ગરીબ વચ્ચેની અસમાનતાનું પ્રમાણ વધુ હોય છે. નીચલા વર્ગોનું જીવનધોરણ ઘણું નીચું હોય છે. જેને કારણે કોઇપણ દેશ આર્થિક, રાજકીય અને સામાજિક રીતે નિર્બળ બની જાય છે. તેથી આ સ્થિતિને દૂર કરવા સર્વાંગીણ વિકાસ તરફ જવા આધુનિક યુગમાં આયોજનની ઘણી અગત્યતા છે.

**(બ) ખાલી જગ્યા પૂરો.**

૧. ભારતમાં સૌથી વધુ જુવાર ઉત્પાદન મહારાષ્ટ્ર રાજ્યમાં થાય છે.

૨. ગુજરાતમાંથી ને.હા.નં. ૮ નંબરનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થાય છે.

૩. ભારતમાં બધા રાજ્યોમાં કપાસના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ સ્થાને આવે છે.

૪. એર ઇન્ડિયા ભારતનો આંતરરાષ્ટ્રીય હવાઇ વ્યવહાર સંભાળતી સંસ્થા છે.

**(બ) ટૂંક નોંધ લખો.**

૧. જંગલ સંપત્તિનું આર્થિક મહત્વ.

જંગલો વરસાદ લાવવા મદદરૂપ - જમીનમાં ભેજ સચવાઇ રહેતા ભૂમિગત જળની સપાટી ઊંચી - જંગલો પવનનું જોર નરમ પાડી પાકનું રક્ષણ કરે છે - જંગલો રણને આગળ વધતું અટકાવે છે - ફળદ્રૂપ જમીનને રેતીથી બચાવે છે - જંગલો જમીનનું ધોવાણ અટકાવે છે - વૃક્ષો હવામાં કાર્બન ડાયોક્સાઇડ ગ્રહણ કરી ઓક્સીજન વાયુ આપે છે - જંગલો હવાનું પ્રદૂષણ અટકાવે છે - જંગલો પશુપક્ષીઓને ખોરાક તેમજ માનવીને ઇમારતી લાકડું તથા વિવિધ પ્રકારની જંગલ પેદાશો પૂરી પાડે છે - જંગલો આજીવિકા પરી પાડે છે - જંગલોમાં થતા વાંસમાંથી ટોપલા, ટોપલી, રમકડાં, સાદડી વગેરે બનાવવા તથા તાડ-ખજૂરીના પાનમાંથી સાવરણી, ખાખરાના પાનમાંથી પાતળ-પડિયા, ટીમરુના પાનમાંથી બીડી, ખેરના લાકડામાંથી કાથો તથા પોચા લાકડામાંથી કાગળ દિવાસળી, ચાની પેટીઓ, રમતગમતના સાધનો અને કૃત્રિમ કાપડ બનાવવાના ઉદ્યોગો વિકસ્યા છે. જંગલો ઔષધિઓ તેમજ અન્ય ઉપયોગી પેદાશ પૂરી પાડે છે.

૨. શક્તિ મેળવવાના બિનપરંપરાગત સ્ત્રોત.

શક્તિ મેળવવાના બિનપરંપરાગત સ્ત્રોત બાયોગેસ, સૌરશક્તિ, પવન શક્તિ, ભુતાપીય શક્તિ તથા ભરતી શક્તિનો સમાવેશ થાય છે.

બાયોગેસ : ગ્રામ્ય વિસ્તારો માટે ખૂબ ઉપયોગી. પ્રદૂષણ રહિત બળતણ તરીકે વપરાય. વિદ્યુત ઉત્પન્ન માટે તથા ગામની શેરીઓમાં રોશની ફેલાવવા વપરાય છે.

સૌરશક્તિ : પ્રદૂષણ રહિત. રાંધવામાં, પાણી ગરમ કરવામાં, અવકાશયાનો અને ઉપગ્રહોની કામગીરી ચાલુ રાખવામાં, સૌર બેટરીમાં સૌરશક્તિનો ઉપયોગ.

પવનશક્તિ : પવનશક્તિઓ દ્વારા ભૂમિગત જળ ઉપર ખેંચવા તેમજ વિજળી ઉત્પન્ન કરવા.

ભૂતાપીય શક્તિ : યંત્રના સંચાલન માટે અને વિજળી ઉત્પન્ન કરવા માટે.

ભરતીશક્તિ : વિજળી ઉત્પન્ન કરવા માટે.

૫. ઉપભોક્તા ઉદ્યોગો કોને કહે છે ?

જ. બ્રેડ, બિસ્કીટ અને બેકરીના ઉત્પાદનો, પીણાં, ખાદ્ય તેલ, સાબુ, વિજાણું ઉપકરણો જેવી વપરાશી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતાં ઉદ્યોગો ઉપભોક્તા કહે છે.

૬. પેટ્રોકેમિકલ્સનો ઉપયોગ કયા પદાર્થો બનાવવામાં થાય છે ?

જ. પેટ્રોકેમિકલ્સનો ઉપયોગ ડિટરજન્ટ, રાસાયણિક ખાતર, દવાઓ, રંગો, પ્લાસ્ટીક, સિન્થેટિક રેસાઓ અને રબર બનાવવા માટે થાય છે.

૭. ગુજરાતમાં ખેડૂતોની ખેતપેદાશોની ખરીદી અને તેમને યોગ્ય ભાવ પૂરા પાડવા કઇ કઇ સહકારી સંસ્થાઓ કામ કરે છે.

જ. ગ્રોફેડ (GROFED), ગુજકોમાસોલ, એન.ડી.ડી.બી., સહકારી મંડળીઓ વગેરે છે.

૮. ભારે ઉદ્યોગો કોને કહેવાય ?

જ. ભારે ઉદ્યોગો ઘણા વ્યાપક કદનાં, વિરાટકાય યંત્રો, વિપુલ મૂડી, મોટી સંખ્યામાં માનવશ્રમ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર વગેરે લક્ષણો ધરાવતા ઉદ્યોગોને ભારે ઉદ્યોગો કહે છે.

૯. ભારતમાં કયા કયા સ્થળોએ વિશાળ કદના વિન્ડ ફાર્મ શરૂ કરવામાં આવ્યા છે ?

જ. ભારતમાં ગુજરાત, તામિલનાડુ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા વગેરે સ્થળોએ વિન્ડફાર્મ આવેલા છે.

૧૦. ભારતનાં કયા ક્ષેત્રોમાંથી હીરા મળી આવે છે ?

જ. ભારતનાં મધ્ય પ્રદેશનાં પન્ના જિલ્લામાંથી અને આંધ્ર પ્રદેશના રામહ્લાકોટા અને બંગમૂપલ્લે ક્ષેત્રમાંથી મળે છે.

૧૧. લોહ અયસ્ક એટલે શું ?

જ. લોહ અયસ્ક એટલે પૃથ્વીના પેટાળમાંથી મળી આવેલી લોખંડની કાચી ધાતુ. જેમાં અન્ય ખનીજો, જીવાવશેષો, ધૂળ, રાખ, વગેરે અશુદ્ધિઓ ભળેલી હોય છે.

૧૨. ટિસ્કોમાં કઇ કઇ વસ્તુઓનું ઉત્પાદન થાય છે ?

જ. ટિસ્કોમાં નાનકડી ટાંકણીથી માંડી વિશાળકાય યંત્રો અને તેના વિવિધ ભાગોનું ઉત્પાદન થાય છે. ઉપરાંત પીગ આયર્ન, પોલાદ, પતરાં, રેલ્વેના ડબા અને પાટા ઉત્પન્ન કરવામાં આવે છે.

૧૩. N.A.A. નું પુરૂં નામ જણાવો.

જ. N.A.A. નું પૂરું નામ નેશનલ એરપોર્ટ ઓથોરિટી છે.

૧૪. ૨૦૦૧ માં ભારતમાં પુરુષોમાં અને સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલું હતું ?

જ.. ૨૦૦૧ ની જનગણના મુજબ ભારતમાં દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ૯૩૩ છે.

૧૫. ભારતમાંથી કઇ કઇ ખેત પેદાશોની નિકાસ થાય છે ?

જ. ભારતમાં શણ, કપાસ, ચા, કૉફી, તેજાના, તમાકુ, કાજુ, કેરી અને શાકભાજી જેવી ખેતપેદાશોની નિકાસ થાય છે.

**(ડ) નીચેના શબ્દોની સંકલ્પનાઓ સમજાવો.**

૧. **મુખત્રિકોણ પ્રદેશ :** નદી, સમુદ્ર પાસે મળતા પ્રવાહનો પંખા આકાર ફાંટાઓમાં વહેંચાયેલો ત્રિકોણાકાર ભાગ એટલે મુખત્રિકોણ પ્રદેશ.

૨. **એન.ડી.ડી.બી. :** રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ. રાષ્ટ્રમાં ડેરી વિકાસનાં હેતુથી સ્થાપવામાં આવેલી સહકારી સંસ્થા.

૩. **બહુહેતુક યોજના :** જે યોજના દ્વારા ઘણા હેતુઓ સિદ્ધ થતા હોય તેવી યોજનાને બહુહેતુ યોજના કહે છે.

૪. **એસ.ટી.ડી. :** સબસ્ક્રાયબર્સ ટ્રન્ક ડાયલીંગ ગૃપનું ટૂંકું રૂપ. જે પદ્ધતિમાં ટેલિફોનનાં મધ્યસ્થ એક્સચેન્જ વગર સીધાં જોડાણ મેળવી શકાય છે.

૫. **આંતરરાષ્ટ્રીય વેપાર :** રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે ચાલતો વેપાર એટલે આંતરરાષ્ટ્રીય વેપાર.

૬. **ભૂમિ બંધિત રાષ્ટ્ર :** સમુદ્ર કિનારા વિનાના દેશોને ભૂમિ બંધિત દેશો કહેવાય છે.

૭. **સીમા :** કોઇપણ દેશના ભૌગોલિક વિસ્તારને નક્કી કરતી સરહદ કે મર્યાદા એટલે સીમા.

૮. **એપ્રોચ રોડ :** મુખ્ય સડક પર ન હોય તેવા ગામોને મુખ્ય સડક સાથે સાંકળવા માટે બનાવવામાં આવતો માર્ગ.

૯. **એક્સપ્રેસ હાઈવે :** ખૂબ મહત્વના વ્યાપારી મથકોને સાંકળવા માટે પહોળા અને સારી રચનાવાળા જે માર્ગ બાંધવામાં આવે છે તેને એક્સપ્રેસ હાઇવે કહે છે.

**પ્ર-૫. (અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

૧. ભારતમાં કૃષિના વિકાસ માટે કયા અનુકૂળ સંજોગો છે.

જ. ભારતમાં ખેતીલાયક ફળદ્રૂપ કાંપના મેદાનોનો મોટો વિસ્તાર છે. ૧૬.૫ કરોડ હેક્ટર જમીન એટલે ૫૦% જેટલી જમીન ખેતીના ઉપયોગમાં લેવાય છે. બારેમાસ ખેતી થઇ શકે તેવી વિવિધતાવાળી આબેહવા. ભારતના ખેડૂતો કુશળ અને મહેનતુ છે. ભારતના ઘણા વિસ્તારોમાં સિંચાઇની ઉત્તમ સગવડો છે. હજુ વધુ ને વધુ વિસ્તારોમાં સિંચાઇ સગવડો ઉભી કરવાના પ્રયાસો થઇ રહ્યા છે. ભારતમાં પાણીથી ભરપૂર નદીઓ છે. આવી નદીઓ આડે બંધ બાંધી નહેરો કાઢવાની અનુકૂળતાઓ સારી છે.

૨. લોખંડની કાચી ધાતુના પ્રકારો જણાવો.

જ. લોખંડની કાચી ધાતુના મુખ્ય ચાર પ્રકારો છે.

હેમેટાઇટ : ૬૦% થી વધુ લોહતત્વ. કાચી ધાતુમાં ગંધક અને ફોસ્ફરસ જેવાં તત્વો ભળેલાં છે.

મેગ્નેટાઇટ (મેગ્નિટાઇટ) : ૭૫% થી વધુ લોખંડ. આમાં ચુંબકત્વ પણ હોય છે.

લીમોનાઇટ (લાઇમો નાઇટ) : ૪૦% લોખંડ ધરાવતું. પીળા રંગનું ખનિજ હોય છે.

સીડરાઇટ (સાઇડ રાઇટ) : ૩૦% લોખંડ ધરાવતું ભૂખરા રંગનું ખનિજ છે.

૩. કુટિર ઉદ્યોગ એટલે શું ? તેની વિશેષતઓ શું છે ?

જ. સ્થાનિક બજારમાંથી મેળવેલા કાચા માલમાંથી સાદા ઓજારો અને ઉર્જાનો ઉપયોગ કર્યા વિના, એક કોમ કે કુટુંબના સભ્યો વડે અલ્પ મૂડીરોકાણથી ઘરમાં જ નાના પાયા પર ઉત્પાદન કરવામાં આવે તેને કુટિર ઉદ્યોગ-ગૃહ ઉદ્યોગ કહેવામાં આવે છે.

વિશેષતાઓ :

કુટિર ઉદ્યોગ માટે જમીન જરૂર નથી. કુટિર ઉદ્યોગોમાં મૂડીરોકાણ ઓછું હોય છે. યંત્રોનો ઉપયોગ મર્યાદિત અથવા નહિંવત્ હોય છે. ચીજવસ્તુનું ઉત્પાદન ખર્ચ ઓછું આવે છે. શ્રમિકો – મજૂરોની સંખ્યા ઓછી રહેતી હોવાથી ઉત્પાદન પણ ઓછું થાય છે. આ ઉદ્યોગો ખાનગી – વ્યક્તિગત માલિકોના હોય છે.

૪. શણ ઉદ્યોગ વિશે માહિતી આપો.

જ. વિશ્વમાં શણ ઉત્પાદનમાં ભારત આગળ પડતો દેશ છે. શણના રેશામાંથી શણિયું કાપડ, શણના કોથળા વગેરે બને છે. શણની ૭૩ કરતાં વધુ મિલો ભારતમાં છે. ઉત્તર પ્રદેશ, બિહાર વગેરે રાજ્યો ઉપરાંત પશ્ચિમ બંગાળમાં મુખ્યત્વે હુગલી નદીના કિનારે ટીટાગઢ, હાવરા, સિપાલ્દાહ, કલકત્તા વગેરે સ્થળોએ તેની મિલો આવેલી છે. ગંગાના ફળદ્રૂપ મુખત્રિકોણના જમીન વિસ્તારમાં શણ ખૂબ પાકે છે. કાચું શણ બાંગ્લાદેશથી પણ આયાત થાય છે. આ ક્ષેત્રોમાં સસ્તી મજૂરી, ભેજવાળી આબોહવા, વ્યાપારને વાહનવ્યવહારની સુવિધા વગેરે કારણોને લીધે શણ ઉદ્યોગ ઘણો વિકસ્યો છે. આ ઉદ્યોગમાં આશરે ૨.૫ લાખ જેટલા મજૂરોને રોજગાર મળે છે.

૫. ભારતના સિમેન્ટ ઉદ્યોગ વિશે માહિતી આપો.

જ. ભારતમાં સિમેન્ટ ઉદ્યોગની શરૂઆત ઇ.સ. ૧૯૦૪ માં ચેન્નઇમાં થઇ. ત્યારબાદ ગુજરાતમાં પોરબંદર ખાતે, મધ્યપ્રદેશમાં કટની ખાતે અને રાજસ્થાનમાં લખેરી ખાતે સિમેન્ટનાં કારખાનાં શરૂ કરવામાં આવ્યાં. ઇ.સ. ૧૯૫૦ થી સિમેન્ટનો ઉદ્યોગ ઝડપથી વધતો ગયો. તે વર્ષે નવાં ૨૧ કારખાનાં સ્થાપવામાં આવ્યાં. ઇ.સ. ૧૯૮૮ સુધીમાં સિમેન્ટનાં કારખાનાંની કુલ સંખ્યા ૯૪ જેટલી થઇ. જેમાંના ૭૩ ખાનગી ક્ષેત્રમાં અને ૨૧ જાહેરક્ષેત્રમાં છે. ભારતમાં ગુજરાત, ઝારખંડ, તમિલનાડુ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, તથા મધ્યપ્રદેશમાં સિમેન્ટ ઉદ્યોગનો સારો વિકાસ થયો છે. ગુજરાતમાં સિક્કા, દ્વારકા, રાણાવાવ વગેરે સિમેન્ટનાં મુખ્ય કેન્દ્રો છે. ઉપરાંત, નાનાં નાનાં કારખાનાં પણ ઘણાં છે. મધ્યપ્રદેશમાં કૈમુર તથા બનમોર, રાજસ્થાનમાં ચિત્તૌડગઢ, કર્ણાટકમાં ભદ્રાવતી, ઝારખંડમાં ડાલમિયાનગર, તમિલનાડુમાં તિરુનેલવેલી અને આંધ્રપ્રદેશમાં વિજયવાડા તથા આદિલાબાદમાં સિમેન્ટનાં મોટા કદના કારખાનાં છે.

## (બ) ભૌગોલિક કારણો.

૧. ઘઉંને અનાજનો રાજા ગણવામાં આવે છે.

જ. કારણકે વધુ મહત્વનો ખોરાકી પાક. પોષક તત્વો વધુ. તેમાં કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, ચરબી ઉપરાંત અન્ય પોષક તત્વો. રોટલી, ભાખરી, બ્રેડ વગેરે પૌષ્ટિક વાનગી. વિશ્વના લગભગ બધા જ દેશોના લોકોના આહારમાં ઘઉંનો ઉપયોગ.

૨. આજના યુગમાં સંદેશા વ્યવહારનું મહત્વ વધ્યું છે.

જ. કારણકે વર્તમાન સમય ઝડપી વાહનવ્યવહાર અને દૂરસંચારના માધ્યમો વડે જ પ્રગતિ પામી શક્યો છે. લાંબા અંતર વચ્ચે માનવી અને ચીજવસ્તુઓની હેરફેર કરવાની પૂર્વ તૈયારીરૂપે. આયોજન

માટે અને સમય બચાવવાનો મુખ્ય હેતુ. સમય, શ્રમ અને ખર્ચનો ઘણો બચાવ થાય છે. વળી રેડિયો, દૂરદર્શન જેવા માધ્યમોથી અનેક સ્થળોનો પરોક્ષ સંપર્ક એક જ સ્થળેથી અને એક જ સમયે થઇ શકતો હોવાથી આજના યુગમાં સંદેશાવ્યવહારનું મહત્વ ખૂબ જ વધ્યું છે.

૩. ભારતમાં સિંચાઇના વિકાસની ખૂબ આવશ્યકતા છે.

જ. કારણકે ભારત ખેતીપ્રધાન દેશ. મોસમી આબોહવાને કારણે વરસાદમાં અનિયમિતતા અને અનિશ્ચિતતા જોવા મળે છે. બારેમાસ પાક લેવા માટે સિંચાઇની આવશ્યકતા. સમયસર ખેડૂતને પાણી ન મળે તો પાકને નુકસાન. અવારનવાર દુષ્કાળ જેવા સંજોગોને લીધે નદીઓ પર સિંચાઇ યોજનાઓ અનિવાર્ય. આ સંજોગોમાં વસ્તીને પૂરું પાડી શકાય તેટલું અનાજ ઉત્પાદન કરવામાં ઉપયોગી થવાય તે હેતુથી સિંચાઇનો વિકાસ આવશ્યક છે.

૪. પશ્ચિમ બંગાળમાં શણ ઉદ્યોગ વિકાસ પામ્યો છે.

જ. કારણ કે શણના પાકને ગરમ અને ભેજવાળી આબોહવા તથા નદીના મુખત્રિકોણ પ્રદેશની ફળદ્રૂપ જમીન ખૂબ જ માફક આવે છે. પશ્ચિમ બંગાળમાં ગંગાના મુખત્રિકોણ પ્રદેશમાં શણના વિપુલ પાકને લીધે ખાસ કરીને કલકત્તામાં શણ ઉદ્યોગ કેન્દ્રિત થયો છે. સસ્તા મજૂરો, હુગલી નદીનું પાણી, ગરમ ભેજવાળી આબોહવા અને વેપાર વાણિજ્ય તથા વહાન વ્યવહારની સુવિધા મળી રહે છે.

૫. ભારત શણની નિકાસ કરે છે.

જ. કારણ કે કલકત્તાની આસપાસના ગંગાના મુખત્રિકોણ પ્રદેશમાં શણનું વિપુલ ઉત્પાદન. શણના પાકને અનુકૂળ આબેહવા. જમીન અને હુગલી નદીનું પાણી ઉપયોગી નીવડે છે. શણ ઉદ્યોગ સસ્તા કુશળ મજૂરો અને વાહન વ્યવહારની સગવડને કારણે સમૃદ્ધ. ઉત્તર પ્રદેશ, બિહાર વગેરે રાજ્યોમાં પણ શણનો પાક પાકે છે. ભારતની જરૂરિયાત કરતાં વધારે ઉત્પાદન થતું હોવાથી ભારત શણની નિકાસ કરે છે.

૬. નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી સમાન છે.

જ. નર્મદા યોજના ગુજરાતમાં નર્મદા નદી પર આકાર લઇ રહી છે. નર્મદા નદીના ઉપરવાસમાં બંધ બાંધવાનો શરૂ થયો છે. આ બંધ બંધાતાં જે જળાશય તૈયાર થવાનું છે, તેનું નામ સરદાર સરોવર રાખવામાં આવ્યું છે. આ યોજનાતૈયાર થતાં સરદાર સરોવરમાંથી ઉત્પન્ન થનાર જળવિદ્યુતના ઉપયોગ અંગે તથા સિંચાઇ બાબતે ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તથા રાજસ્થાન વચ્ચે સમજૂતી કરી સિંચાઇનો લાભ તેમજ જળવિદ્યુત પૂરી પાડવામાં આવશે. જેથી નર્મદા નદીના પાણી કચ્છ અને સૌરાષ્ટ્રના ઓછા વરસાદના વિસ્તારોમાં પાણી પુરૂ પાડવામાં આવશે. અને પીવાના પાણીની જરૂરિયાતો પણ સંતોષાશે. આમ, નર્મદા નદી ગુજરાતની જીવાદોરી સમાન છે.

૭. ભારતમાં મુક્ત વ્યાપાર ક્ષેત્રની રચના કરવામાં આવી છે.

જ. આંતરરાષ્ટ્રીય વેપાર સ્પર્ધામાં પોતાનું સ્થાન મજબૂત બને, નિકાસલક્ષી વેપારને ઉત્તેજન મળે તથા પરદેશી હૂંડિયામણમાં વધારો થાય તેવા ત્રિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને આયાત- નિકાસ નીતિના એક ભાગરૂપે ભારતમાં મુક્ત વ્યાપાર ક્ષેત્રોની રચના કરવામાં આવી છે.

૮. વર્તમાન યુગમાં બહુલક્ષી વિકાસનો પાયો લોખંડ છે.

જ. ટાંકણી અને સોયથી માંડીને યંત્રો, વાહનો, રહેઠાણો, વ્યવહાર માર્ગો, પુલ, ગૃહોપયોગી સાધનો વગેરેમાં મોટેભાગે લોખંડ જ વપરાય છે. માનવીની રાજિંદી જરૂરિયાતનાં બધાં જ ક્ષેત્રોમાં કોઇને કોઈ સ્વરૂપે લોખંડ જ ઉપયોગમાં લેવાતું હોય છે. અન્ય ખનીજોની સરખામણીમાં પૃથ્વીના પેટાળમાં લોખંડનો જથ્થો ઘણો વધારે હોવાથી તે સસ્તું છે. અને સાથે સાથે મજબૂત અને ટકાઉ પણ છે. આ કારણોથી એમ કહી શકાય કે વર્તમાન યુગમાં બહુલક્ષી વિકાસનો પાયો લોખંડ છે.

૯. રાષ્ટ્રીય ધોરીમાર્ગ દેશની ધોરી નસ સમાન છે.

**(બ) વિગતો ભારતના રેખાંકિત નકશામાં દર્શાવો**

૧. અક્ષાંશ – રેખાંશ

૨. નદી – સરોવર – યોજના – સમુદ્ર

૩. પર્વત – ઘાત

૪. બંદર અને શહેર

૫. પાક

૬. ઉધોગો


૭. રેલવે માર્ગ

૮. હવાઇ માર્ગ


૯. રાષ્ટ્રીય ધોરી માર્ગો

૧૦. ખનીજો


# ૧. અક્ષાંશ – રેખાંશ


INDIA
0 200 400 km
36°
32°
28°
24°
20°
16°
12°
8° N.
68°
72°
76°
80°
84°
88°
92°
96°
72° L.E
36° ઉ. અ.
68° પૂ. રે.
72° પૂ. રે.
82.5° પૂ. રે.
88° પૂ. રે.
96° પૂ. રે.
દિલ્લી
28° ઉ. અ.
23.5° ઉ. અ.
ગાંધીનગર
મુંબઈ 19°
13° ઉ. અ.
ચેન્નાઈ
8° ઉ. અ.
નોંધ: જે તે શહેર પાસેથી પસાર થતાં અક્ષાંશવૃત્ત, અથવા રેખાંશવૃત્ત દર્શાવ્યા છે.


# ૨. નદી – સરોવર – યોજના – સમુદ્ર




## ૩. પર્વત – ઘાટ


INDIA
0 200 400 km
68°
72°
76°
80°
84°
88°
92°
96°
36°
32°
28°
24°
20°
16°
12°
8° N.
8°
72° L.E
કારાકોરમ
હિમાલય
અરવલ્લી
ગિરનાર
થળ
ભોર
પાલ
પૂર્વઘાટ
પર્વત
ઘાટ


# ૪. બંદર અને શહેર


INDIA
0 200 400 km
68° 72° 76° 80° 84° 88° 92° 96°
36° 32° 28° 24° 20° 16° 12° 8° N.
72° L.E 76° 80° 84° 88° 92°
સિમલા
કાનપુર
અજમેર
વારાણસી
કંડલા
કોલકત્તા
મુંબઈ
હૈદરાબાદ
બેંગલોર
ચેન્નાઈ
મેંગલોર
કોચીન
બંદર
શહેર


# પ. પાક


INDIA
0 200 400 km
68° 72° 76° 80° 84° 88° 92° 96°
36° 32° 28° 24° 20° 16° 12° 8° N.
72° L.E 76° 80° 84° 88° 92°


# ૬. ઉદ્યોગો


INDIA
0 200 400 km
68° 72° 76° 80° 84° 88° 92° 96°
36° 32° 28° 24° 20° 16° 12° 8° N.
72° L.E 76° 80° 84° 88° 92°


# ૭. રેલવે માર્ગ


INDIA
0 200 400 km
68° 72° 76° 80° 84° 88° 92° 96°
36° 32° 28° 24° 20° 16° 12° 8° N.
72° L.E 76° 80° 84° 88° 92°


# ૮. હવાઈ માર્ગ


INDIA
0 200 400 km
68° 72° 76° 80° 84° 88° 92° 96°
36° 32° 28° 24° 20° 16° 12° 8° N.
72° L.E 76° 80° 84° 88° 92°
દિલ્હી
અમદાવાદ
મુંબઈ
કોલકતા
ચેન્નાઈ

# ૯. રાષ્ટ્રીય ધોરી માર્ગો



# ૧૦. ખનીજો



INDIA
0 200 400 km
68°
72°
76°
80°
84°
88°
92°
96°
36°
32°
28°
24°
20°
16°
12°
8° N.
72° L.E

# પેપર નં.૧

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. હિટલરે વર્સેલ્સની સંધિને .................... કહી ફગાવી દીધી.

૨. ...................... નામના પ્રવાસીએ યુરોપના લોકોને હોકાયંત્રનું જ્ઞાન આપ્યું.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૨૦ | ૧. જાપાને મંચુરિયા પ્રદેશ જીતી લીધો. |
| ૨. ઈ.સ. ૧૯૩૧ | ૨. રૂઝવેલ્ટ અમેરિકાના પ્રમુખ ચૂંટાઇ આવ્યા. |
| ૩. ઈ.સ. ૧૯૩૩ | ૩. મુસોલિનીએ ઇટાલીમાં ફાસીસ્ટ પક્ષની સ્થાપના કરી. |
| | ૪. રાષ્ટ્ર સંઘની સ્થાપના કરી. |

(બ) નીચેનાં વિધાનોનાં કોઇપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. ઔદ્યોગિક ક્રાંતિથી કૃષિક્ષેત્રે નવાં પરિવર્તન આવ્યાં.

૨. જકાતધારાએ સંસ્થાનવાસીઓને લડત માટે તૈયાર કર્યા.

૩. જહોન હસનને જીવતો બાળી મૂકવામાં આવ્યો.

૪. બેસ્ટાઇલના કિલ્લાનું પતન થયું.

(ક) નીચેના વિધાનો સમજાવો. (ગમે તે બે) (૩)

૧. વિશ્વયુદ્ધો સામ્રાજ્યવાદની પેદાશ છે.

૨. ઉગ્ર રાષ્ટ્રવાદથી વિશ્વયુદ્ધો થયા.

૩. પ્રથમ વિશ્વયુદ્ધ ૨૦મી સદીની અભૂતપૂર્વ ઘટના ગણાય છે.

(ડ) નીચેનામાંથી કોઇપણ બે ટૂંક નોંધ લખો. (૬)

૧. સોવિયેટ સંઘનું વિઘટન. ૨. ફ્રેન્ચ ક્રાંતિમાં વિચારકોનું પ્રદાન.

૩. 'પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં.' સમજાવો.

૨. (અ) (A) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (૬)

૧. નાઝીવાદનો મુખ્ય પ્રણેતા કોણ હતો.

૨. જેસ્યુઇટ એટલે શું ?

૩. નવજાગૃતિકાળનાં કયા કયા સ્થાપત્યો પ્રખ્યાત હતાં ?

૪. લિયોનાર્દો-દ-વિન્ચીની વિશ્વ વિખ્યાત ચિત્રકૃતિઓ કઇ હતી ?

૫. રૂસો કેવા પ્રકારની નૂતન સમાજ રચનાનો હિમાયતી હતો ?

૬. ફ્રેન્ચ રાજ્ય ક્રાંતિએ જગતને કયા ત્રણ સિદ્ધાન્તોની ભેટ આપી ?

(B) નીચેના શબ્દોની સંકલ્પનાઓ સમજાવો. (૨)

૧. પ્રોટેસ્ટંટ સંપ્રદાય. ૨. નાટો (NATO).

. (બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામનાં મૂળ શી રીતે નંખાયાં ?

૨. ભારતમાં સામ્રાજ્યવાદનો ફેલાવે કઇ રીતે ઝડપી થયો ?

૩. ઇટાલીમાં ફાસીવાદનાં કારણો જણાવો.

૪. દ્વિતીય વિશ્વયુદ્ધના પરિણામો જણાવો.

(ક) નીચેનામાંથી કોઇપણ બે વિધાનોનાં કારણો આપો. (૩)

૧. યુનિસેફ બાળકો માટે દૂધનો પાવડર આપે છે.

૨. ૨૦મી સદીમાં માનવીએ વિશ્વશાંતિ સ્થાપવા નક્કર પ્રયાસો કર્યા.

૩. આજે વધુ વૃક્ષો વાવવાની ઝુંબેશ ચાલે છે.

(ડ) નીચેનામાંથી કોઇપણ એક ટૂંક નોંધ લખો. (૩)

૧. યુનિસેફના વિકાસમાં ભારતનું પ્રદાન. ૨. વિશ્વમાં નિઃશસ્ત્રીકરણની જરૂરિયાત.

૩. (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. (કોઇપણ ચાર) (૪)

૧. યુનેસ્કોએ માનવ હક્કોમાં કયા કયા હક્કોનો સમાવેશ કર્યો છે ?

૨. પ્રાકૃતિક પર્યાવરણનાં મુખ્ય અંગો કયા કયા છે ?

૩. પંચશીલના કરાર પ્રમાણે ભારતે અને ચીને કઇ બાબતો સ્વીકારી ?

૪. વિશ્વની પ્રાથમિક સમસ્યાઓ કઇ છે ?

૫. વિશ્વમાં કયો દિવસ 'પર્યાવરણ દિન' તરીકે ઉજવવામાં આવે છે ?

(બ) નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ ત્રણના સવિસ્તાર ઉત્તર લખો. (૬)

૧. ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોની માહિતી આપો.

૨. સંયુક્ત રાષ્ટ્રોનું શું મહત્વ છે ? સમજાવો.

૩. માનવ હક્કો સામે કઇ કઇ સમસ્યાઓ સર્જાઇ છે ?

૪. ધર્મ અને પર્યાવરણ એકબીજા સાથે કઇ રીતે સંકળાયેલા છે ?

(ક) નીચેના શબ્દોમાંથી કોઇપણ પાંચની સંકલ્પના સમજાવો. (૫)

૧. શ્રમ વિભાજન ૨. હૂંડિયામણ ૩. મુક્ત સહાય ૪. માથાદીઠ આવક

૫. સાદું શ્રમ વિભાજન ૬. ઇજારો.

અથવા

(ક) નીચેનાં સાચાં જોડકાં બનાવો. (૫)

| 'અ' | 'બ' |
| --- | --- |
| ૧. બજારતંત્રને સ્થાન હોતું નથી. | ૧. નિરપેક્ષ ગરીબાઇ. |
| ૨. બજારતંત્ર દ્વારા લેવાતો નિર્ણય. | ૨. યોજનાનું અમલીકરણ. |
| ૩. વિકસતા દેશોમાં માથાદીઠ આવક. | ૩. વધારે હોય છે. |
| ૪. વિકાસશીલ દેશોનું ખાસ લક્ષણ. | ૪. લોકતાંત્રિક આયોજન. |
| ૫. આયોજનનો અગત્યનો ઘટક. | ૫. ઓછી હોય છે. |
| | ૬. સામ્યવાદી આયોજન. |

(ડ) નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ પાંચના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (૫)

૧. એડમ સ્મિથે શ્રમ વિભાજનના કયા ત્રણ લાભ દર્શાવ્યા છે ?
૨. વિદેશી સહાય કેટલા પ્રકારની અને કઇ છે ?
૩. શ્રમ વિભાજનનો મુખ્ય લાભ શો છે ?
૪. પરિવર્તન જન્ય બેકારી એટલે શું ?
૫. ભારતની મુખ્ય નિકાસો કઇ કઇ છે ?
૬. કયા પ્રકારની ગરીબાઇ વિકાસશીલ દેશોનું ખાસ લક્ષણ છે ?

૪. (અ) નીચેનામાંથી કોઇપણ ત્રણ વિધાનનાં કારણો આપો. (૬)

૧. વિદેશી સહાયનો અવિચારી ઉપયોગ બોજારૂપ બને છે.
૨. અલ્પ વિકસિત દેશોએ આર્થિક વિકાસ માટે વસ્તી નિયંત્રણ કરવું જોઇએ.
૩. ચોક્કસ સાધનોનાં સંપૂર્ણ અભાવમાંથી આંતરરાષ્ટ્રીય વેપાર ઉદ્ભવે છે.
૪. ભારતના અર્થતંત્રને મિશ્ર અર્થતંત્ર કહેવામાં આવે છે.

(બ) (A) નીચેના વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો. (૨)

૧. ગુજરાતમાં સૌથી વધુ મગફળી .................... માં પાકે છે.
૨. ભારતમાં સૌથી વધુ ..................... કર્ણાકના કૂર્ગ પ્રદેશમાં થાય છે.

(B) નીચેનામાંથી કોઇપણ એક ઉપર ટૂંક નોંધ લખો. (૩)

૧. કોલસાના પ્રકાર તથા ભારતમાં તેનું વિતરણ.
૨. ભારતનાં વિદ્યુત શક્તિના પ્રકાર અને તેનાં કેન્દ્રો જણાવો.

(ક) નીચેનામાંથી કોઇપણ પાંચના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (૫)

૧. વાહન વ્યવહારના વિકાસ ઉપર કયા પરિબળો કામ કરે છે ?
૨. વિન્ડફાર્મ એટલે શું ? ભારતના કયા રાજ્યોમાં આવેલાં છે ?
૩. પંજાબમાં ગરમ કાપડ ઉદ્યોગનાં મુખ્ય કેન્દ્રો જણાવો.

૪. વસ્તી ગીચતા એટલે શું ?

૫. કૉફીના છોડને મોટા ઝાડની છાયામાં કેમ ઉગાડવામાં આવે છે ?

૬. ગુજરાતનું પ્રથમ ખનીજતેલ ક્ષેત્ર અને સૌથી મોટું ખનીજ તેલ ક્ષેત્ર કયું છે ?

૭. ભારતમાં કયા કયા કાર્યક્રમ દ્વારા વસ્તીની સુખાકારીનો સ્તર ઊંચો લાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે ?

(ડ) નીચેના શબ્દોમાંથી કોઇપણ ચારની સંકલ્પના સમજાવો. (૪)

૧. ઉચ્ચ પ્રદેશ. ૨. પર્વત. ૩. દ્વિપકલ્પ. ૪. રવિ પાક. ૫. ખાડી.

૫. (અ) નીચેનામાંથી કોઇપણ ચારના સવિસ્તાર ઉત્તર લખો. (૮)

૧. ભારતના રણ પ્રદેશ વિશે માહિતી આપો.

૨. ભારતમાં કૃષિ વિકાસ માટે થઇ રહેલા પ્રયત્નો જણાવો.

૩. ભારતમાં સિમેન્ટ ઉદ્યોગની માહિતી આપો.

૪. માળવાના ઉચ્ચ પ્રદેશની ભૌગોલિક માહિતી આપો.

૫. ભારતમાં કઇ કઇ પદ્ધતિથી ખેતી થાય છે ? તેની માહિતી આપો.

(બ) નીચેનામાંથી ચારનાં ભૌગોલિક કારણો આપો. (૮)

૧. હિમાલયમાંથી નીકળતી નદીઓ બારેમાસ પાણીથી ભરપૂર રહે છે.

૨. પંજાબમાં ઓછો વરસાદ હોવા છતાં ઘઉંનો ભંડાર બન્યો છે.

૩. મેંગ્લોરમાં મુંબઇ કરતાં વધારે વરસાદ પડે છે.

૪. ભારતનો ખેડૂત પ્રારબ્ધવાદી બન્યો છે.

૫. ચાનો પાક પહાડી ઢોળાવો ઉપર ઉગાડવામાં આવે છે.

(ક) નીચેની આઠ વિગતો ભારતના રેખાંકિત નક્શામાં દર્શાવો. (૪)

૧. ૧૯° ઉ.અક્ષાંશવૃત. ૨. નીલગીરી પર્વત. ૩. શ્રીનગર ૪. વિશાખાપટ્ટનમ

૫. નર્મદા નદી ૬. ખનીજ તેલ રિફાઇનરીનું એક કેન્દ્ર ૭. શણ ઉદ્યોગનું એક કેન્દ્ર.

૮. દિલ્હીથી કલકત્તા જતો રેલમાર્ગ અને તેના પરનું એક અટક સ્થાન.

૯. ખનીજ તેલ ક્ષેત્ર

* * * * *

# પેપર નં. ૨

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. ન્યૂટનના પ્રખ્યાત ગ્રંથનું નામ .................. હતું.

૨. ભારતમાં ગવર્નર જનરલ ........................... શીખ સત્તાનો અંત આણ્યો.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૪૫ | ૧. નાટો લશ્કરી સંગઠન રચાયું. |
| ૨. ઈ.સ. ૧૯૪૯ | ૨. સીયાટો લશ્કરી સંગઠન રચાયું. |
| ૩. ઈ.સ. ૧૯૫૪ | ૩. દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત. |
| | ૪. શ્રીલંકાને સ્વતંત્રતા મળી. |

(બ) નીચેનાં વિધાનોનાં કોઈપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. ધર્મયુદ્ધો યુરોપ માટે આશીર્વાદરૂપ બન્યાં.

૨. બીજા વિશ્વયુદ્ધ પછી એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રો સ્વતંત્ર બન્યાં.

૩. ફ્રાન્સમાં લોકો માટે નિષ્પક્ષ ન્યાય મેળવવાનું ખૂબ મુશ્કેલ હતું.

૪. ઈંગ્લેન્ડ ઔદ્યોગિક ક્રાંતિની જનેતા ગણાય છે.

(ક) નીચેના વિધાનો સમજાવો. (ગમે તે બે) (૩)

૧. એક પક્ષ, એક પ્રજા અને એક નેતા નાઝી પક્ષનો મુખ્ય આદર્શ હતો.

૨. પશ્ચિમ એશિયાના દેશોનું મહત્વ વધ્યું.

૩. ઔદ્યોગિક ક્રાંતિએ વર્ગ વિગ્રહને જન્મ આપ્યો.

(ડ) નીચેનામાંથી કોઈપણ બે ટૂંક નોંધ લખો. (૬)

૧. અમેરિકન ક્રાંતિની અસરો. ૨. ફાસીવાદમાં મુસોલિનીનો ફાળો.

૩. નાઝીપક્ષની વિશિષ્ટતાઓ.

૨. (અ) (A) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો. (૬)

૧. ભારતમાં પ્રથમ સામ્રાજ્યવાદનો પાયો કોણે નાખ્યો ?

૨. હિટલર જર્મની અને જર્મન પ્રજા વિશે શું માનતો હતો ?

૩. યુરોપમાં ધર્મયુદ્ધોની ઝુંબેશ શા માટે શરૂ કરવામાં આવી ?

૪. રોમન સામ્રાજ્ય ઉપર કઇ કઇ જાતિઓએ આક્રમણ કર્યા ?

૫. સલામતિ સમિતિનું મુખ્ય કાર્ય શું છે ?

૬. રશિયન ક્રાંતિએ જગતને કયો સિદ્ધાંત ભેટ આપ્યો ?

(B) નીચેની સંકલ્પનાઓ સમજાવો. (૨)

૧. પ્રતિ ધર્મ સુધારણા. ૨. સેન્ટો (SENTO)

(બ) નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ ત્રણ પ્રશ્નના સવિસ્તાર ઉત્તર લખો. (૬)

૧. ઝાર શાસન સમયની રશિયાની સામાજિક અને આર્થિક સ્થિતિ વર્ણવો.

૨. નાઝીવાદની મુખ્ય વિશેષતાઓ કઇ કઇ હતી ?

૩. રાષ્ટ્રસંઘની નિષ્ફળતાઓ જણાવો.

૪. પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપમાં આવેલું રાજકીય પરિવર્તન જણાવો.

(ક) નીચેનામાંથી કોઇપણ બે વિધાનોનાં કારણો આપો. (૩)

૧. ભારતે શ્રીલંકામાં લશ્કર મોકલ્યું હતું.

૨. સલામતી સમિતિના કાયમી સભ્યોને નિષેધાત્મક મત આપવાનો અધિકાર છે.

૩. ભારતે હંમેશાં સામ્રાજ્યવાદનો વિરોધ કર્યો છે.

(ડ) નીચેનામાંથી કોઇપણ એક ઉપર ટૂંક નોંધ લખો. (૩)

૧. પર્યાવરણની જાળવણીમાં નાગરિકનો ફાળો. ૨. યુનેસ્કોના વિકાસમાં ભારતનો ફાળો.

૩. (અ) નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ ચારના એક–બે શબ્દોમાં ઉત્તર લખો. (૪)

૧. પર્યાવરણની સમતુલા જાળવવા માટે કઇ બે બાબતો મહત્વની છે ?

૨. પાકિસ્તાને કાશ્મીરમાં શા માટે લશ્કર મોકલ્યું ?

૩. આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થાનું વડું મથક ભારતમાં ક્યાં આવેલું છે ?

૪. ગ્રીન હાઉસનો સામાન્ય અર્થ શો થાય છે ?

૫. ઊર્જા સ્રોતના બચાવ માટે નાગરિકે શું કરવું જોઇએ ?

(બ) નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ ત્રણના સવિસ્તાર ઉત્તર લખો. (૬)

૧. ભારતે બિન જોડાણવાદ નીતિ શા માટે અપનાવી.

૨. નિઃશસ્ત્રીકરણ એટલે શું ?

૩. ભારત અને પાકિસ્તાન વચ્ચે કયા કયા પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે ?

૪. તંદુરસ્ત માનવ સમાજ માટે સાક્ષરતા શા માટે જરૂરી છે ?

(ક) નીચેના શબ્દોમાંથી કોઇપણ પાંચની સંકલ્પના સમજાવો. (૫)

૧. વિકસિત દેશ ૨. હરિયાળી ક્રાંતિ ૩. આંતરિક વ્યાપાર

૩. અલ્પ વિકસિત દેશ ૪. સાપેક્ષ ગરીબાઇ ૬. પંચવર્ષીય યોજના

અથવા

(ક) નીચેનાં સાચાં જોડકાં બનાવો. (૫)

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. વિશ્વ બેંકની સ્થાપના | ૧. દેશની રાજકીય સ્વતંત્રતા માટે ભયરૂપ. |
| ૨. ઇડાની સ્થાપના | ૨. ઇ.સ. ૧૯૪૫. |
| ૩. આંતરરાષ્ટ્રીય રોકાણ નિગમની રચના | ૩. ભારત. |
| ૪. વિદેશી સહાયની પ્રતિકૂળ અસર | ૪. ઇ.સ. ૧૯૬૦ |
| ૫. વિશ્વ બેંક પાસેથી વધુ રકમની લોન મેળવનાર દેશ. | ૫. ઇ.સ. ૧૯૫૬ |
| | ૬. પાકિસ્તાન. |

(ડ) નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ પાંચના એક-બે વાક્યોમાં જવાબ લખો. (૫)

૧. ઇજારાનું દૂષણ એટલે શું ?

૨. બજારનાં મુખ્ય કાર્યો કયા છે ?

૩. આંતરરાષ્ટ્રીય રોકાણ નિગમ કોને લોન આપે છે ?

૪. આયોજનનાં મુખ્ય અંગો કયા છે ?

૫. હૂંડિયામણ બજાર એટલે શું ?

૬. શ્રમ પ્રધાન ચીજ એટલે શું ?

૪. (અ) નીચેનામાંથી કોઇપણ ત્રણ વિધાનનાં કારણો આપો. (૬)

૧. ભારત સરકારની નવી આર્થિક નીતિથી ભારતીય અર્થતંત્રને વેગ મળશે.

૨. વિદેશી સહાય દેશની રાજકીય સ્વતંત્રતા માટે ભયરૂપ છે.

૩. સ્વાતંત્ર્ય પછી ભારતને આયોજન કરવું પડ્યું.

૪. આર્થિક રીતે પછાત દેશોને વિશ્વ બેંક આશીર્વાદરૂપ બને છે.

(બ) (અ) નીચેની ખાલી જગ્યા પૂરો. (૨)

૧. ભારતની આયાતોમાં .................. નું પ્રમાણ સૌથી વધારે છે.

૨. ભારતમાં કુલ .................... રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે.

(ઇ) નીચેનામાંથી કોઇપણ એક ઉપર ટૂંકનોંધ લખો. (૩)

૧. ભારતમાં કુદરતી વાયુનાં ક્ષેત્રો અને ગેસ પાઇપલાઇન.

૨. જંગલ સંપત્તિનું આર્થિક મહત્વ.

(ક) નીચેનામાંથી કોઈપણ પાંચના ઉત્તર એક-બે વાક્યોમાં લખો. (૫)

૧. ટપાલની ઝડપી વિતરણ માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

૨. શક્તિ મેળવવાના બિન પરંપરાગત સ્ત્રોત જણાવો.

૩. ભારતમાં તમાકુનો પાક ક્યાં વધુ થાય છે ?

૪. ગુજરાતમાં કયા સ્થળોએ મોટા વિન્ડફાર્મ શરૂ કરવામાં આવ્યાં છે ?

૫. ગુજરાતમાં તાપવિદ્યુતનાં મથકો ક્યાં ક્યાં આવેલાં છે ?

૬. હિંદુસ્તાન મશીન ટુલ્સ (HMT) સંસ્થાનાં કારખાનાં ક્યાં આવેલાં છે ?

(ડ) નીચેના શબ્દોમાંથી કોઈપણ ચારની સંકલ્પના સમજાવો. (૪)

૧. બહુહેતુક યોજના  ૨. સૂકી ખેતી  ૩. એક્સપ્રેસ હાઈવે.

૪. વાતાભિમુખ  ૫. એપ્રોચ રોડ.

૫. (અ) નીચેનામાંથી કોઈપણ ચારના સવિસ્તાર ઉત્તર લખો. (૮)

૧. ભારતના રાસાયણિક ખાતરના ઉદ્યોગ વિશે માહિતી આપો.

૨. ભારતના કયા કયા ક્ષેત્રોમાં ખનીજોનું વિતરણ થયેલું છે ? તેની ખનીજ સંપત્તિ વિશે માહિતી આપો.

૩. શણના પાક માટે કયા અનુકૂળ સંજોગો જરૂરી છે ? ઉત્પાદન કરતા પ્રદેશો જણાવો.

૪. ભારતમાં કૃષિ વિકાસની અનુકૂળતાઓ જણાવો.

૫. ભારતમાં કયા પ્રકારનાં જંગલો આવેલાં છે ? તેની માહિતી આપો.

(બ) નીચેનામાંથી કોઈપણ ચારનાં ભૌગોલિક કારણો આપો. (૮)

૧. ભારતમાં કુદરતી ખાતરની અછત રહે છે.

૨. ઘઉં ને અનાજનો રાજા ગણવામાં આવે છે.

૩. ગુજરાતમાં સુતરાઉ કાપડનો ઉદ્યોગ વિકસ્યો છે.

૪. ગરમ કાપડના ઉદ્યોગનું કેન્દ્રીકરણ પંજાબમાં થયું છે.

૫. મેઘાલય અને અસમમાં ભારે વરસાદ થાય છે.

(ક) નીચેની આઠ વિગતો ભારતના રેખાંકિત નકશામાં દર્શાવો. (૪)

૧. બ્રહ્મપુત્રા નદી  ૨. અમૃતસર  ૩. ખાંડ ઉદ્યોગનું એક કેન્દ્ર  ૪. દામોદર યોજના

૫. ચિલ્કા સરોવર  ૬. હિમાલય પર્વત  ૭. ૮૦° પૂર્વ રેખાંશવૃત  ૮. બોક્સાઇટ ઉત્પાદન ક્ષેત્ર

૯. મુંબઇથી નાગપુર રેલ્વે થઇને કલકત્તા જતો રેલમાર્ગ અને તેના ઉપરનું એક અટક સ્થાન.

* * * * *

# પેપર નં. ૩

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. ધર્મસુધારક જહોન વિકલિફના અવસાન બાદ તેના સમર્થકો ................ નામે ઓળખાય છે.

૨. હિટલરે જેલવાસ દરમ્યાન ...................... નામનું પુસ્તક લખ્યું.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઇ.સ. ૧૭૮૩ | ૧. રાજાને પદભ્રષ્ટ કરી ફ્રાન્સને પ્રજાસત્તાક જાહેર કર્યું. |
| ૨. ઇ.સ. ૧૭૮૭ | ૨. પેરિસની સંધિ થઇ. |
| ૩. ઇ.સ. ૧૭૯૨ | ૩. અમેરિકન સંસ્થાનોનો સંઘ રચાયો. |

(બ) નીચેનાં વિધાનોનાં કોઇપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. ઇટાલીને નવજાગૃતિની માતૃભૂમિ કહેવાય છે.

૨. ઔદ્યોગિક ક્રાંતિથી કૃષિક્ષેત્રે નવા પરિવર્તનો આવ્યા.

૩. અમેરિકન ક્રાંતિ વિશ્વના પરાધીન દેશો માટે પ્રેરણારૂપ નિવડી.

૪. વિશ્વમાં બિન જોડાણ જૂથનો ઉદય થયો.

(ક) નીચેના વિધાનો સમજાવો. (ગમે તે બે) (૩)

૧. 'એક પક્ષ, એક પ્રજા અને એક નેતા' એ નાઝી પક્ષનો મુખ્ય આદર્શ હતો.

૨. જ્યાં જ્યાં જર્મન, ત્યાં ત્યાં જર્મની.

૩. ઔદ્યોગિક ક્રાંતિએ વર્ગ વિગ્રહને જન્મ આપ્યો.

(ડ) નીચેના વિશે ટૂંક નોંધ લખો. (ગમે તે બે) (૬)

૧. સોવિયત સંઘનું વિઘટન.

૨. દ્વિતીય વિશ્વયુદ્ધના પરિણામો.

૩. સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)ની સ્થાપના ના મુખ્ય હેતુઓ.

૨. (અ) (A) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (૬)

૧. યુરોપમાં ધર્મયુદ્ધની ઝુંબેશ શા માટે શરૂ થઇ ?

૨. લેનિને પ્રજાને કયું સૂત્ર આપ્યું હતું ?

૩. સલામતી સમિતિનું મુખ્ય કાર્ય શું છે ?

૪. પશ્ચિમ એશિયાના કયા દેશોમાં ખનીજ તેલના વિપુલ ભંડારો છે ?

૫. ફાસીસ્ટ પક્ષનું પ્રતિક કયું હતું ?

૬. ફ્રેન્ચ રાજ્ય ક્રાંતિએ જગતને કયા સિદ્ધાંતો આપ્યા ?

(B) શબ્દોની સંકલ્પના સમજાવો. (૨)

૧. ઠંડું યુદ્ધ. ૨. સામંતશાહી.

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. ઇટાલીની સામ્રાજ્યવાદી નીતિ સમજાવો.

૨. ફ્રાન્સના રાજા લુઇ ૧૬મા એ એસ્ટેટ જનરલની બેઠક શા માટે બોલાવી ?

૩. ઝારે પ્રજા પર આકરા કરવેરા શા માટે નાખ્યા હતા ?

૪. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થવાનું તાત્કાલિક કારણ કયુ હતું ?

(ક) નીચેના વિધાનોના કારણો લખો. (ગમે તે બે) (૩)

૧. ભારતે બિનજોડાણવાદની નીતિ સ્વીકારી.
૨. સામાજિક વનીકરણ સમાજ માટે ખૂબ ઉપયોગી છે.
૩. યુનિસેફ સંસ્થા વિશ્વના આર્થિક પછાત રાષ્ટ્રો માટે આશીર્વાદરૂપ બની છે.

(ડ) નીચેના વિશે ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૬)

૧. પર્યાવરણની જાળવણી માટે નાગરિકની ફરજો.
૨. નિઃશસ્ત્રીકરણની આવશ્યકતા.

૩. (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે ચાર) (૪)

૧. શાંતિમય સહઅસ્તિત્વ એટલે શું.
૨. રંગભેદની નીતિ સામે ગાંધીજીએ શા માટે વિરોધ કર્યો હતો ?
૩. ભારતના પાડોશી દેશો કયા કયા છે ?
૪. નેપાલને બફર રાજ્ય શાથી ગણવામાં આવે છે ?
૫. ગ્રીન હાઉસ ઈફેક્ટ કોને કહેવામાં આવે છે ?

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. ધર્મ અને પર્યાવરણ એકબીજા સાથે કઇ રીતે સંકળાયેલા છે ?
૨. માનવ હક્કો સામે કઇ કઇ સમસ્યાઓ સર્જાઇ છે ?
૩. વિદેશનીતિ ઉપર કયા કયા પરિબળો અસર કરે છે ?
૪. ભૂતાનના વિકાસ માટે ભારતે કઇ કઇ મદદ કરી ?

(ક) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (ગમે તે પાંચ) (૫)

૧. બજાર ૨. લેણદેણની તુલા ૩. આયોજન
૪. પ્રચ્છન્ન બેકારી ૫. રાજકોશીય નીતિ ૬. હરિયાળી ક્રાંતિ.

(ડ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે પાંચ) (૫)

૧. મજૂર બજાર એટલે શું ?
૨. શ્રમ પ્રધાન ચીજ એટલે શું ?
૩. સાપેક્ષ ગરીબાઇ એટલે શું ?
૪. આયોજનના મુખ્ય અંગો કયા કયા છે ?
૫. લોકતાંત્રિક આયોજનમાં મોટા ભાગના નિર્ણયો કોના દ્વારા લેવાય છે ?
૬. રૂપિયાની ખરીદશક્તિ કેમ ઘટી છે ?

૪. (અ) નીચેના વિધાનોના કારણો લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. સરકાર પરદેશથી આયાત થતી વસ્તુ અટકાવે છે.
૨. વિદેશી સહાય દેશની આંતરિક બચત માટેની પૂર્તિ કરે છે.
૩. યોજનાનું મૂલ્યાંકન એ આયોજન માટે જરૂરી છે.
૪. ઊર્જાશક્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો હિતાવહ છે.

(બ) (A) નીચેના વિધાનોની ખાલી જગ્યા પૂરો. (૨)

૧. ડાંગર .................... કટિબંધનો પાક છે.

૨. ભારતમાં રેલ્વેની શરૂઆત ઇ.સ. ............ માં થઇ.

(B) નીચેના વિશે ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)

૧. શક્તિ મેળવવાના બિન પરંપરાગત સ્રોત. ૨. ભારતની સાગર સંપત્તિ.

(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે પાંચ) (૫)

૧. ભારતમાં અતિગીચ વસ્તીના પ્રદેશો કયા છે ?

૨. ભારતમાં કયા ક્ષેત્રોમાં હીરા મળે છે ?

૩. વડોદરાના ઈંડઈક સંકુલમાં શું શું બનાવવામાં આવે છે ?

૪. પુનઃપ્રાપ્ય સાધનો એટલે શું ?

૫. ખનીજ એટલે શું ?

૬. નારિયેળીને કેવી આબોહવા અને જમીન માફક આવે છે ?

(ડ) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (ગમે તે ચાર) (૮)

૧. એસ.ટી.ડી. ૨. કુટિર ઉદ્યોગ. ૩. ઉચ્ચ પ્રદેશ.

૪. ડોંગા પદ્ધતિ. ૫. મોસમી આબોહવા.

૫. (અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ચાર) (૮)

૧. હિમાલયની ઉપયોગિતા શી છે ?

૨. ભારતની પશુ સંપત્તિનું આર્થિક મહત્વ શું છે ?

૩. ભારતમાં કૃષિ વિકાસ માટે કયા પ્રયત્નો થઇ રહ્યા છે ?

૪. લોખંડની કાચી ધાતુના પ્રકાર જણાવો.

૫. ભારતના સુતરાઉ કાપડ ઉદ્યોગનું મહત્વ જણાવો.

(બ) નીચેના વિધાનોના ભૌગોલિક કારણો આપો. (ગમે તે ચાર) (૮)

૧. આજના યુગમાં સંદેશા વ્યવહારનું મહત્વ વધી રહ્યું છે.

૨. કોરોમંડલ કિનારે શિયાળામાં વરસાદ પડે છે.

૩. પંજાબ ઓછા વરસાદવાળો પ્રદેશ હોવા છતાં દેશનો 'ઘઉંનો ભંડાર' કહેવાય છે.

૪. ભારત શણની નિકાસ કરે છે.

૫. ભારતની કૃષિ પેદાશોમાં વિવિધતા રહે છે.

(ક) નીચેની આઠ વિગતો ભારતના રેખાંકિત નકશામાં પૂરો. (૪)

૧. કારાકોરમ ઘાટ. ૨. મહાનદી ૩. સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર ૪. જયપુર

૫. કોલસાની ખાણનો એક પ્રદેશ. ૬. ચાનું ઉત્પાદન કરતો એક પ્રદેશ.

૭. મોસમી જંગલોનો એક પ્રદેશ. ૮. મુંબઈથી નાગપુર થઈને કલકત્તા જતો રેલમાર્ગ અને તેના પરનું એક જંકશન.

* * * * *

# પેપર નં.૪

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. યુરોપને હોકાયંત્રનું જ્ઞાન આપનાર ..................... હતો.

૨. અમેરિકન શિક્ષક ..................... કોટન જીનની શોધ કરી.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૩૧ | ૧. દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત. |
| ૨. ઈ.સ. ૧૯૩૬ | ૨. જાપાને મંચુરિયા જીત્યું. |
| ૩. ઈ.સ. ૧૯૪૫ | ૩. ઇટાલીએ ઇથોપિયા જીત્યું. |
| | ૪. જર્મનીએ રશિયા પર આક્રમણ કર્યું. |

(બ) નીચેનાં વિધાનોનાં કોઇપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. ઇટાલી નવજાગૃતિની માતૃભૂમિ કહેવાય છે.

૨. અમેરિકાએ ૨૦ વર્ષ સુધી ચીનને રાજકીય માન્યતા ન આપી.

૩. વિશ્વમાં બિનજોડાણવાદી જૂથનો ઉદય થયો.

૪. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જગતમાં ઠંડા યુદ્ધની સ્થિતિ સર્જાઇ.

(ક) નીચેના વિધાનો સમજાવો. (ગમે તે બે) (૩)

૧. ખ્રિસ્તી ધર્મ યુરોપીય ધર્મ મટીને વિશ્વધર્મ બન્યો.

૨. હિટલરે વર્સેલ્સની સંધિને ''કાગળનું ચીંથરૂં'' કહીને ફગાવી દીધી.

૩. એશિયામાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે જાગૃતિ આવી.

(ડ) નીચેના વિશે ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (૬)

૧. ઔદ્યોગિક ક્રાંતિની સામાજિક અસરો.

૨. રશિયન ક્રાંતિમાં લેનિનનું પ્રદાન.

૩. રાષ્ટ્રસંઘની નિષ્ફળતાઓ.

૨. (અ) (A) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (૬)

૧. યુરોપમાં ધર્મયુદ્ધોની ઝુંબેશ શા માટે શરૂ થઇ ?

૨. લિયોનાર્દો-દ-વિન્ચીની વિશ્વવિખ્યાત ચિત્રકૃતિઓ કઇ છે ?

૩. ફ્રાન્સમાં કયા રાજાના સમયમાં ક્રાંતિ થઇ ? શા માટે ?

૪. મહાકવિ ''વર્ડ્ઝવર્થે'' ફ્રેન્ચ ક્રાંતિને કયા શબ્દોથી બિરદાવી છે ?

૫. 'બોલ્શેવિક' અને 'મોન્સેવિક' એટલે શું ?

૬. 'એટલેન્ટિક ખતપત્ર' શું છે ?

(B) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (૨)

૧. નવજાગૃતિ. ૨. ધ પ્રેઇઝ ઓફ હોલી.

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. અમેરિકન સ્વાતંત્ર્ય વિગ્રહનાં તાત્કાલિક કારણો કયા હતાં ?

૨. માનવહક્કોના જાહેરનામામાં કઇ બાબતો સ્પષ્ટ કરવામાં આવી હતી ?

૩. ભારતમાં સામ્રાજ્યવાદનો ફેલાવો કઇ રીતે ઝડપથી થયો ?

૪. નાઝી પક્ષની મુખ્ય વિશેષતાઓ કઇ કઇ હતી ?

(ક) નીચેના કારણો આપો. (ગમે તે બે) (૩)
૧. ''યુનિસેફ'' સંસ્થા વિશ્વનાં આર્થિક પછાત રાષ્ટ્રો માટે આશીર્વાદરૂપ બની છે.
૨. ભારતે હંમેશાં સામ્રાજ્યવાદનો વિરોધ કર્યો છે.
૩. જંગલો કુદરતનાં ફેફસાં સમાન છે.

(ડ) ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)
૧. રંગભેદ નીતિ. ૨. ભારત–પાકિસ્તાન વચ્ચેના સંબંધો.

૩. (અ) નીચેના પ્રશ્નોના એક–બે વાક્યમાં જવાબ આપો. (ગમે તે ચાર) (૪)
૧. 'વિશ્વ એક કુટુંબ છે' એ ભાવના ક્યારે સાકાર થશે ?
૨. ભારતના સૂચનથી ઇ.સ. ૧૯૬૮ના વર્ષને કયા વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું ?
૩. ગાંધીજીએ વિશ્વશાંતિ માટે શું કહ્યું છે ?
૪. ભારત અને પાકિસ્તાન વચ્ચે કયા પ્રશ્ન પર ભારે તંગદિલી પ્રવર્તે છે ?
૫. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? શા માટે ?

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)
૧. માનવહક્કો સામે કઇ કઇ સમસ્યાઓ સર્જાઇ છે ?
૨. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો વિશે માહિતી આપો.
૩. પર્યાવરણની સમતુલા જાળવવા માટે કઇ બે બાબતો મહત્વની છે ?
૪. ''ગ્રીન હાઉસ ઈફેક્ટ'' અટકાવવાના ઉપાયો કયા કયા છે ?

(ક) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (ગમે તે પાંચ) (૫)
૧. હૂંડિયામણ. ૨. શરતી સહાય. ૩. વિકસિત દેશ.
૪. માર્શલ યોજના. ૫. હરિયાળી ક્રાંતિ. ૬. પ્રચ્છન્ન બેકારી.

(ડ) નીચેના પ્રશ્નોના એક–બે વાક્યોમાં જવાબ આપો. (ગમે તે પાંચ) (૫)
૧. ઇજારાનું દૂષણ એટલે શું ?
૨. હૂંડિયામણ બજાર એટલે શું ?
૩. ખાનગી વિદેશી રોકાણ એટલે શું ?
૪. આયોજન એટલે શું ?
૫. વિકાસશીલ દેશોને કઇ ત્રણ ખૂટતી કડીઓ વિદેશી સહાય પૂરી પાડે છે ?
૬. આવકની અસમાનતા માટે કયા પરિબળો જવાબદાર ગણી શકાય ?

૪. (અ) નીચેના વિધાનોના કારણો આપો. (ગમે તે ત્રણ) (૬)
૧. ઇડા (IDA) ભારત જેવા વિકાસશીલ દેશ માટે આશીર્વાદરૂપ છે.
૨. વિદેશી સહાય દેશની આંતરિક બચતની પૂર્તિ કરે છે.
૩. યોજનાનું મૂલ્યાંકન એ આયોજનનું અગત્યનું અંગ છે.
૪. ઊર્જાશક્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો હિતાવહ છે.

(બ) (A) યોગ્ય શબ્દો વડે ખાલી જગ્યા પૂરો. (૨)
૧. ગુજરાતનું .................. બંદર મુક્ત વ્યાપાર ક્ષેત્ર જાહેર કરાયું છે.
૨. ભારતમાં આધુનિક પદ્ધતિના સંદેશાવ્યવહારની શરૂઆત ................ થી થઇ.
(B) ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)
૧. ભારતમાં પશુ સંવર્ધન કરવા માટે થઇ રહેલા પ્રયાસો.
૨. સંચાલનશક્તિમાં કોલસાનું મહત્વ.

(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (ગમે તે પાંચ) (૫)
૧. કૉફીના છોડને મોટા છાડની છાયામાં કેમ ઉગાડવામાં આવે છે ?
૨. ખનીજ તેલમાંથી કઇ કઇ આડપેદાશો મળે છે ?
૩. ખનીજોના મુખ્ય બે પ્રકારો કયા કયા છે ?
૪. ગુજરાતમાં તાપવિદ્યુતનાં જાણીતાં મથકો ક્યાં ક્યાં છે ?
૫. કેવા વિસ્તારોમાં હવાઇ વ્યવહાર જોખમી હોય છે ?
૬. ભારતમાં કયા રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ સૌથી વધુ છે ? તે કેટલા ટકા છે ?

(ડ) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (ગમે તે ચાર) (૪)
૧. ઘાટ ૨. વાતાભિમુખ ૩. લગૂન સરોવર
૪. સીમા ૫. એસ.ટી.ડી.

૫. (અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ચાર) (૮)
૧. ભારતમાં કૃષિ ઉત્પાદન ઓછું હોવાનાં કારણો જણાવો.
૨. ચાના પાક માટે કયા અનુકૂળ સંજોગો જરૂરી છે ? તેનું નોંધપાત્ર ઉત્પાદન કરનારા ભારતનાં રાજ્યોના નામ જણાવો.
૩. લોખંડની કાચી ધાતુના પ્રકાર જણાવો.
૪. ભારતના પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ વિશે માહિતી આપો.
૫. કુટિર ઉદ્યોગ એટલે શું ? તેની વિશેષતાઓ શી છે ?

(બ) નીચેના વિધાનોના ભૌગોલિક કારણો આપો. (ગમે તે પાંચ) (૮)
૧. શિયાળામાં રાજસ્થાન અને ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળે છે.
૨. ભારતનો ખેડૂત પ્રારબ્ધવાદી બન્યો છે.
૩. દક્ષિણ ભારતમાં ચાને બદલે કૉફી પીવાનો રિવાજ વધુ પ્રચલિત છે.
૪. દક્ષિણ ભારતમાં શેરડીનું વાવેતર વધતું જાય છે.
૫. ભારતમાં ગરમ કાપડ ઉદ્યોગનું કેન્દ્રીકરણ પંજાબમાં વધુ થયું છે.

(ક) નીચેની વિગતો ભારતના રેખાંકિત નકશામાં પૂરો. (૪)
૧. મુંબઇથી દિલ્હી જતો રેલમાર્ગ અને તેના ઉપરના બે જંકશન.
૨. મહાનદી ૩. કૉફી પકવતો એક પ્રદેશ ૪. જેલાપલા ઘાટ
૫. મેંગ્લોર ૬. નીલગીરી પર્વત ૭. ભરતીનાં જંગલો ૮. તાંબાની ખાણનો પ્રદેશ.

અથવા (ફક્ત અંધ ઉમેદવારો માટે)

(ક) નીચેના પ્રશ્નોના ઉત્તર એક એક શબ્દમાં લખો. (૪)
૧. સાંભર સરોવર કયા રાજ્યમાં આવેલું છે. ૨. કાપડ ઉદ્યોગના કોઇ એક પ્રદેશનું નામ લખો.
૨. અબરખના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં કયા સ્થાને છે ? ૪. સાબરમતી નદી કયા પર્વતમાંથી નીકળે છે ?

૫. શણ ઉત્પન્ન કરતા એક પ્રદેશનું નામ લખો.
૬. ભારતની પ્રમાણસમયરેખા ભારતના કયા મુખ્ય શહેર પર થઈને પસાર થાય છે ?
૭. નીલગીરી પર્વત કયા રાજ્યમાં આવેલો છે ?     ૮. સરદાર સરોવર

* * * * *

# પેપર નં.૫

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી રશિયન લશ્કરનો સેનાપતિ .................. હતો.

૨. ........................ ફ્રાન્સના રાજા લુઇ-૧૬મા નો નાણાંમંત્રી હતો.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૧૪ | ૧. ઇટાલીમાં ફાસીસ્ટ પક્ષની સ્થાપના થઇ. |
| ૨. ઈ.સ. ૧૯૧૯ | ૨. પ્રથમ વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો. |
| ૩. ઈ.સ. ૧૯૩૧ | ૩. ઇંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે ગુપ્ત સંધિ થઇ. |
| | ૪. જાપાનનું મંચુરિયા પર આક્રમણ થયું. |

(બ) નીચેનાં વિધાનોનાં કોઇપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. અમેરિકાએ ૨૦ વર્ષ સુધી ચીનને રાજકીય માન્યતા ન આપી.

૨. નવજાગૃતિનું મુખ્ય લક્ષણ બુદ્ધિવાદ હતું.

૩. રૂસોને ફ્રાન્સની રાજ્યક્રાંતિના મુખ્ય પ્રણેતા કહી શકાય.

૪. બાર્થોલોમ્યુ ડાયઝે શોધેલી ભૂશિર ને 'કેપ ઓફ ગુડ હોપ'ના નામે ઓળખવામાં આવે છે.

(ક) નીચે આપેલા વિધાનો સમજાવો. (કોઇપણ બે) (૩)

૧. સામ્રાજ્યવાદી દેશ બીજા દેશની સંસ્કૃતિનો વિકાસ અટકાવે છે.

૨. ઔદ્યોગિક ક્રાંતિએ વર્ગ વિગ્રહને જન્મ આપ્યો.

૩. પ્રથમ વિશ્વયુદ્ધ પછી લોકોને લોકશાહી પરથી વિશ્વાસ ઉઠી ગયો.

(ડ) નીચેના ઉપર ટૂંક નોંધ લખો. (ગમે તે બે) (૬)

૧. સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિના કાર્યો.

૨. રશિયન ક્રાંતિથી રશિયામાં આવેલા પરિવર્તનો.

૩. ઔદ્યોગિક ક્રાંતિની સામાજિક અસરો.

૨. (અ) (A) આપેલા પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (૬)

૧. સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય અંગો કયા કયા છે ?

૨. ફાસીસ્ટ પક્ષની સ્થાપના કોણે, ક્યાં અને ક્યારે કરી હતી ?

૩. કોમિન્ટર્ન એટલે શું ? તેનું મુખ્ય ધ્યેય શું હતું ?

૪. અમેરિકાએ પ્રથમ વિશ્વયુદ્ધમાં શાથી ઝંપલાવ્યું ?

૫. ફ્રેન્ચ રાજ્યક્રાંતિએ જગતને કયા સિદ્ધાંતોની ભેટ આપી ?

૬. હેનરી ધ નેવીગેટરે કયા ભૂલાઇ ગયેલા ટાપુઓની શોધ કરાવી હતી ?

(B) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (૨)

૧. પ્રોટેસ્ટંટ સંપ્રદાય.  ૨. સીઆટો.

(બ) આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં. સમજાવો.

૨. સામ્રાજ્યવાદના પરિબળો જણાવો.

૩. હિટલરે સત્તા પર આવતાં જર્મનીના વિકાસ માટે કયા કયા કાર્યો કર્યા ?

૪. મ્યુનિચ સમજૂતિ એટલે શું ?

(ક) નીચેના વિધાનોના કારણો આપો. (ગમે તે બે) (૩)

૧. પ્રવાસન સ્થળોએ પ્રદૂષણમાં વધારો થયો છે.

૨. ભારતે સામ્રાજ્યવાદનો હંમેશાં વિરોધ કર્યો છે.

૩. ૨૦મી સદીમાં માનવીએ વિશ્વશાંતિની શોધ કરી.

(ડ) ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)

૧. યુનેસ્કોના વિકાસમાં ભારતનો ફાળો. ૨. પર્યાવરણની જાળવણીમાં નાગરિકોનો ફાળો.

૩. (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે ચાર) (૪)

૧. માનવહક્કો એટલે શું ? તે કયા કયા છે ?

૨. તાશ્કંદ કરાર ક્યારે અને કોની કોની વચ્ચે થયા હતા ?

૩. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી ક્યારે અને શા માટે કરવામાં આવે છે ?

૪. ગ્રીન હાઉસ એટલે શું ? તેની શી વિશેષતા છે ?

૫. સહઅસ્તિત્વ એટલે શું ?

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનાં મુખ્ય કાર્યો જણાવો.

૨. ભારતની વિદેશ નીતિના મુખ્ય સિદ્ધાંતો સ્પષ્ટ કરો.

૩. શહેરીકરણની મુખ્ય સમસ્યાઓ કઇ કઇ છે ?

૪. રંગભેદની નીતિ દૂર કરવા થયેલા પ્રયત્નો જણાવો.

(ક) નીચે આપેલા શબ્દોની સંકલ્પના સમજાવો. (કોઇપણ પાંચ) (૫)

૧. આંતરરાષ્ટ્રીય વ્યાપાર. ૨. બજાર. ૩. હરિયાળી ક્રાંતિ. ૪. પ્રચ્છન્ન બેકારી

૫. મિશ્ર અર્થતંત્ર. ૬. નિરપેક્ષ ગરીબાઇ.

(ડ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ) (૫)

૧. કયા રોગો પર અંકુશ આવી શક્યો નથી ?

૨. આયોજન પંચ કયા કયા પ્રકારની યોજનાઓ તૈયાર કરે છે ?

૩. આયોજન પંચમાં કોનો કોનો સમાવેશ થાય છે ?

૪. ગ્રાન્ટ અને લોન વચ્ચે મુખ્ય શો તફાવત છે ?

૫. ભારતની મુખ્ય આયાતો કઇ કઇ છે ?

૬. અદશ્ય સ્વરૂપની આયાત એટલે શું ?

૪. (અ) નીચેના વિધાનોના કારણો આપો. (ગમે તે ત્રણ) (૬)

૧. સરકાર પરદેશથી આવતી વસ્તુ અટકાવે છે.
૨. આર્થિક પછાત દેશો માટે વિશ્વ બેંક આશીર્વાદરૂપ બને છે.
૩. યોજનાનું મૂલ્યાંકન કરવું એ આયોજન માટે ખૂબ જરૂરી છે.
૪ ઊર્જાશક્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો હિતાવહ છે.

(બ) (A) ખાલી જગ્યા પૂરો. (૨)

૧. ……………… ખાતે સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.
૨. …………………… રેલમાર્ગ ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ છે.

(B) ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)

૧. શક્તિ મેળવવાના બિન પરંતરાગત સ્ત્રોત. ૨. ભારતની પશુ સંપત્તિનું આર્થિક મહત્વ.

(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ) (૫)

૧. ભારતના કયા રાજ્યમાંથી સૌથી વધુ તાંબુ મળી આવે છે ?
૨. ખનીજ કોલસાના મુખ્ય ત્રણ પ્રકારો કયા કયા છે ?
૩. ગુજરાતના તાપ વિદ્યુત મથકના જાણીતા મથકો કયા કયા છે ?
૪. ઉપભોક્તા ઉદ્યોગો એટલે શું ?
૫. ભારતમાં રેલ્વેના પ્રકાર કેટલા છે ? કયા કયા ?
૬. ભારતના કયા રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ સૌથી ઓછું છે ? કેટલું ?

(ડ) સંકલ્પના સમજાવો. (ગમે તે ચાર) (૪)

૧. મુક્ત વ્યાપાર ક્ષેત્ર ૨. મુખત્રિકોણ પ્રદેશ ૩. સામાન્ય ખેતી
૪. લગૂન સરોવર ૫. દ્વિપકલ્પ.

૫. (અ) સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ચાર) (૮)

૧. ભારતના વ્યવહાર માર્ગોની ઉપયોગિતા જણાવો.
૨. ભારતમાં કઇ કઇ ખેત પેદાશો જોવા મળે છે ? શાથી ?
૩. ભારતમાં સિંચાઇની શાથી આવશ્યકતા છે ?
૪. ભારતની આબોહવાની લાક્ષણિકતાઓ જણાવો.
૫. ભારતમાં દુષ્કાળની સમસ્યા અને તેના ઉપાયો જણાવો.

(બ) નીચેનાના ભૌગોલિક કારણો આપો. (ગમે તે ચાર) (૮)

૧. આજના યુગમાં સંદેશા વ્યવહારનું મહત્વ વધી ગયું છે.
૨. પશ્ચિમ બંગાળમાં શણ ઉદ્યોગ ખૂબ વિકસ્યો છે.
૩. દક્ષિણ ભારતમાં ચાને બદલે કૉફી પીવાનો રિવાજ વધુ પ્રચલિત છે.
૪. દક્ષિણ ભારતની નદીઓ જળમાર્ગ તરીકે બહુ ઉપયોગી નથી.
૫. કોરોમંડલ કિનારે શિયાળામાં વરસાદ પડે છે.

(૬) રેખાંકિત નકશામાં નીચેની વિગતો દર્શાવો. (૪)

૧. દામોદર યોજના ૨. શણ ઉદ્યોગનું એક કેન્દ્ર ૩. ગંગા નદી

૪. મુંબઈથી ચેન્નઈનો રેલમાર્ગ એક અટક સ્થાન સાથે. ૫. નીલગીરી પર્વતમાળા.

૬. ગરમ કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર ૭. સાંભર સરોવર ૮. શિપ્કી ઘાટ.

F F F F F

# અનુક્રમણિકા

# સમાજ વિદ્યા (025)


| વિભાગ | | | પાન નં |
|---|---|---|---|
| વિભાગ – ૧ | - | પ્રશ્ન બેંક | 1-22 |
| વભાગ – ૨ | - | નમૂનાના પ્રશ્નો–ઉત્તરો | 23-55 |
| વભાગ – ૩ | - | નમૂનાના પ્રશ્નપત્રો | |
| | | પેપર નં. ૧ | 56-59 |
| | | પેપર નં. ૨ | 60-63 |
| | | પેપર નં. ૩ | 64-66 |
| | | પેપર નં. ૪ | 67-70 |
| | | પેપર નં. ૫ | 71-74 |

# વિભાગ – ૧

# પ્રશ્ન બેંક

# વિભાગ – ૨

# નમૂનાના પ્રશ્નો-ઉત્તરો

# વિભાગ – ૩

# નમૂનાના પ્રશ્નપત્રો